પાઠ્ય પુસ્તક માળા:—૧

વિદ્યાર્થી ગણિત.

(શિક્ષક માટે)

ભાગ ૧ લો.

પ્રકાશક

ચરોતર એજ્યુકેશન સોસાઇટી,
આણંદ.

કિંમત નવ આના.

પાઠય પુસ્તક માળાઃ—૧

વિદ્યાર્થી ગણિત.

(શિક્ષક માટે)

ભાગ ૧ લો.

રચનાર

ચુનીલાલ બહેચરલાલ ભટ્ટ.

પ્રકાશક

ચરોતર એજ્યુકેશન સોસાઇટી,

આણંદ.

સંવત ૧૯૭૯. સન ૧૯૨૩.

કિંમત નવ આના.

આ પુસ્તક મળવાનું ઠેકાણું:—

ચરોતર એજ્યુકેશન સોસાઇટી, આણંદ.

આણંદ ચરોતર પ્રિન્ટિંગ પ્રેસમાં ત્રિભુવનદાસ કીસીભાઇ પટેલે પ્રકાશકને માટે છાપ્યું. તા. ૨૦–૬–૨૩.

પ્રસ્તાવના.

પ્રાથમિક શાળાના બધા વિષયોમાં ગણિત એક અગત્યનો પરંતુ અઘરો વિષય ગણાય છે. " તે સરળ અને રસમય બને તેને માટે ઘણા પ્રયત્નો થવાની જરૂર છે, " એ લક્ષ રાખીને કરેલા પ્રયોગનું પરિણામ તે આ ગણિત છે.

સ્વપ્રયત્નથી મેળવેલું કોઇ પણ વિષયનું જ્ઞાન સંગીન થાય છે, અને તે સહેલાઇથી ભૂલી જવાતું નથી. ગણિતનો વિષય પણ મુખ્યત્વે સ્વપ્રયત્નથીજ સારી રીતે શીખી શકાય છે. શિક્ષક તો વિદ્યાર્થીને જરૂર પડે ત્યાં માત્ર સલાહ આપનાર વ્યક્તિ છે. શિક્ષકની સલાહ વિના જ્યાં ન જ ચાલી શકે તેવે સ્થાને સલાહ લઇ, તેનો ઉપયોગ કરી આગળ વધનાર બાળકને ગણિતનો વિષય સારો સચોટ રીતે આવડે છે.

કાચા વિદ્યાર્થીઓને આ વિષય શીખવામાં શિક્ષક મદદ કરે તે કરતાં આગળ વધેલા વિદ્યાર્થીઓજ મદદ કરે એ ઇચ્છવા યોગ્ય છે. મને ખાત્રી છે કે આથી શીખવનાર વિદ્યાર્થીઓનું જ્ઞાન પાકું થાય છે. એક વિદ્યાર્થી બીજા વિદ્યાર્થીને શીખવાડવા પ્રયત્ન કરે છે તેમાં તે પોતાના વિચાર બીજાને કેવી રીતે સમજાવવા તે શીખે છે, અને એ રીતે બાળકોમાં સમજાવવાની શકિત આવે છે. વળી શીખનાર શીખવનારની બાલભાષામાં તુરત સમજી જાય છે. અને એ રીતે ઉત્તમ શિક્ષકની જરૂરીઆત પૂરી પડે છે. તે ઉપરાંત જેની [illegible]કણી પરીક્ષાઓ પણ ન કરી શકે તેવો મોટામાં મોટો ફાયદો

બાળકોમાં એક બીજાને પરસ્પર શીખવવાથી અન્યને સહાય કરવાનો ગુણ ખીલે છે તે છે.

આવા અનુભવને પરિણામે **સ્વશિક્ષણ એજ ખરૂં શિક્ષણ છે** એવા મક્કમ થએલા મારા વિચારને ડૉ. મૉન્ટેસરી, એડમંડ હોમ્સ, નૉરમન મૅકમન, ડૉ. ટાગોર વગેરે આધુનિક શિક્ષણ શાસ્ત્રીઓ તરફથી પૂર્તિ મળવાથી આ પુસ્તક પ્રસિદ્ધ કરવા હું પ્રેરાયો છું.

આ ઉપરથી આ ગણિતનું નામ વિદ્યાર્થીગણિત કેમ રાખવામાં આવ્યું છે તે સ્પષ્ટ થશે. શિક્ષક માટેના ગણિતમાં વિદ્યાર્થીગણિત ઉપરાંત શિક્ષકને જરૂરની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ ગણિતમાં નીચે જણાવ્યા પ્રમાણે ફેરફાર દાખલ કર્યા છે:—

(૧) દાખલાઓના જવાબ આપ્યા નથી. કારણકે હિસાબમાં જવાબના કરતાં રીત વધારે ઉપયોગી છે. તેથી બાળક હિસાબ ગણીને શિક્ષકને બતાવી જાય એ વધારે હિતાવહ ગણ્યું છે.

(૨) સામાન્ય રીતે સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, ભાંજણી, એ ક્રમ હોય છે તેને બદલે સરવાળા, ગુણાકાર, ઉતરતી ભાંજણી, બાદબાકી, ભાગાકાર, ચઢતી ભાંજણી એ સ્વાભાવિક ક્રમ રાખ્યો છે, કારણકે શીખેલી રીતનો પછીની રીતમાં તુર્તજ ઉપયોગ થાય છે.

(૩) દાખલાઓમાં એકદમ મુશ્કેલીઓ ન આવે, અને ક્રમસર ગણતાં અઘરા દાખલા પણ આપો આપ આવડે તેવ ક્રમે દાખલાઓની ગોઠવણી કરી છે.

(૪) નવી રીત શિક્ષકદ્વારાજ શીખે તો સારૂં એમ ધારીને રીતના દાખલા વિદ્યાર્થીના અનુકરણ માટે નથી આપ્યા.

(૫) ચોથા ધોરણ સુધીનાં બાળકોના ગજા ઉપરાંતની રીતો કે દાખલા આપવામાં આવ્યા નથી. જેમકે:—આણુપાણુ તથા વિવિધ પરિણામના ભાગાકાર, તેમજ તે બન્ને જાતના અથવા ગુણાકાર.

વસો નવી ગુજરાતી શાળા કે જેના નિયામક તરિકે ત્રણ વર્ષ સુધી ત્યાંના શિક્ષકો સાથે ગણિતનું શિક્ષણ સ્વાભાવિક સંગીન અને રસમય બનાવવા માટે કામ કરવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું તે શાળાનેજ આ પ્રયત્ન આભારી છે. માટે મારે ત્યાંના સઘળા શિક્ષકભાઇઓનો અને ખાસ કરીને રા. મગનલાલ જગન્નાથ અને રા. ભાઇલાલભાઇ હરિભાઇ કે જેમણે મને આ પુસ્તક તૈયાર કરવામાં મદદ કરી છે તેમનો આભાર માનું છું. વિશેષમાં જાણ્યે અજાણ્યે જે જે પુસ્તકોનો આધાર લેવાયો હોય તે તે પુસ્તકોના લેખકોનો પણ આભાર માનું છુ.

ઇશ્વરકૃપાએ જેટલું થઇ શક્યું તેટલું કર્યું છે. ઉણપના સંબંધમાં શિક્ષક ભાઇઓ કૃપા કરીને મને સૂચના કરશે તો તેનો યોગ્ય ઉપયોગ બીજી આવૃતિમાં કરીશ.

લિ.

ચુનીલાલ ભટ્ટ.

ગણિત વાપરવાની રીત.

વિદ્યાર્થીએ શિક્ષક પાસે નવી રીત શીખીને આ ગણિતમાંના દાખલા ગણવા. દાખલો ગણીને શિક્ષકને દેખાડવો. જો કોઇ હિસાબ ન આવડે તો એકદમ શિક્ષક આગળ ન જવું. પણ તેને પેન્સીલથી ચિહ્ન કરી આગળના દાખલા ગણવા. તે રીતના બધા દાખલા ગણી રહ્યા પછી ચિહ્નવાળા ન આવડેલા દાખલા ગણવા. અને તેમાં જે આવડે તેનાં ચિહ્ન રબરથી કાઢી નાખવાં, અને ન આવડેલાનાં રાખવાં પછી આગળ નવી રીત શીખવી. તેમાંથી પણ ઉપર પ્રમાણે કરવું. પછીથી ન આવડેલાજ દાખલા બન્ને રીતમાંથી ગણાવા, અને તેમાં ન આવડે તે રહેવા દેવા. પછીથી વળી આગળ વધવું. આમ આગળ વધવાથી અને પાછળ ન આવડેલા હિસાબ ગણવાથી જુદી જુદી રીતોનું વારંવાર પુનરાવર્તન થશે, ધીરજ અને ખંત કેળવાશે, આત્મશ્રધ્ધા ઉત્પન્ન થશે, અને જાતે આગળ વધતાં શીખાશે. વિશેષમાં વિદ્યાર્થીઓને રકમો લખવાનો અને લખાવવાનો મ્હાવરો રહે માટે અઠવાડીઆમાં કોઇ કોઇ વખત બધાને ચાલી ગયેલી રીતોના દાખલા મોઢેથી અથવા પુસ્તકોમાંથી લખાવવાનું રાખવું.

ગણિત શીખનાર માટે સૂચનાઓ.

(૧) જમ્યા પછી તરત ગણિત ગણવા ન મંડો. જમેલું હેઠું બેસે અને શરીર સ્વસ્થ થાય ત્યાર પછી ગણો.

(૨) દરરોજ કસરત કરવાથી જેમ શરીર મજબૂત થાય છે તેમ ગણિત દરરોજ નિયમીત રીતે ગણવાથી સારૂ આવડે છે. ગોખણથી ગણિત નથી આવડતું. અને એક દિવસે બધું ગણી નાખવાથી પણ નથી આવડતું. જેથી નિયમીત દરરોજ થોડું થોડું ગણો.

(૩) દરેક હિસાબ જાતે જ ગણવો. શીખીને ગણવો નહિ. એમ કરવાથી પહેલાં થોડું આવડશે પણ પછીથી વધારે આવડશે.

(૪) જે દાખલા સહેલા જણાતા હોય તેને પણ ગણો. તેનો ઉપયોગ અઘરા દાખલાઓમાં થાય છે. વળી આપણને ગણવાની રીત આવડી કે નહિ તે ગણવાથી ઝટ પરખાઇ આવે છે. અમુક રીતે આ હિસાબ ગણી શકાશે એમ વિચારી હિસાબ છોડી દેશો નહિ. અમુક રીતે તરી શકાય છે એમ જાણીએ એટલે તરતાં ન આવડે. એકદમ મોટો હિસાબ જણાય તો છોડી દેશો નહિ. ઘણી વખત તે વિચારતાં સહેલો થઈ જાય છે.

(૫) મોઢેથી હિસાબ ગણવાની ખાસ ટેવ પાડો.

(૬) ચિત્ત શાન્ત રાખી હિસાબ ગણો. ઉતાવળા ઉતાવળા કે ગભરાટમાં ન ગણો. તેમજ આવડયાનું અભિમાન પણ ન કરો. અભિમાન કરશો તો પછી ગણિત નહિ આવડે.

કેટલીક અગત્યની ભૂલોનું શુદ્ધિપત્ર.

પાન	૧૬	લીટી	૧૦	+૧૬+૧૨+૨૧	ને બદલે	વાંચો	૧૬ ૧૨ ૨૧
,,	૩૯	,,	૨૦	પસા	,,	,,	પૈસા
,,	૪૩	,,	૧૫	ડઝ	,,	,,	ડઝન
,,	૪૪	,,	૪	અઢવાડીહું	,,	,,	અઢવાડીઉં
,,	૪૪	,,	૯	મહિનાનાં	,,	,,	મહીનાનાં
,,	૪૭	,,	૧૬	પાશેરના શેર	,,	,,	શેરના પાશેર
,,	૫૦	,,	૧૧	૩ ૫ ૧૯	,,	,,	૩ ૫ ૧૬
,,	૬૧	,,	૧૫	૬૭	,,	,,	૯૬
,,	૬૪	,,	૧	આવતાં	,,	,,	આપતાં
,,	,,	,,	૩	કેકલા	,,	,,	કેટલા
,,	,,	,,	૫	અઘોર	,,	,,	અઘોળ
,,	,,	,,	૭	૩પા શેર	,,	,,	૩ પાશેર
,,	૭૩	,,	૧૩	વાર	,,	,,	વાલ
,,	૮૫	,,	૧	૧ વાર	,,	,,	૨ વાર
,,	૧૧૨	,,	૧૯	શેરનું લઇએ તો તે વડે મણ, વજનીયું	,,	,,	શેરનું વજનીયું લઇએ તો તે વડે મણ
,,	૧૨૮	,,	૧૦	ત્રિરાશી	,,	,,	ત્રિરાશિ
પોષણ પાન	૬	લીટી	૬	શીખવાનો	,,	,,	શીખવવાનો
,,	,,	૧૨	,, ૨	પચીસ	,,	,,	પચીશ
,,	,,	૨૪		આપેલી આકૃતિમાં આડી લીટીઓ છાપવાની રહી ગઇ છે તે દોરી લેવી.			

પોષણ.

કેળવણીનું કાર્ય વિકાસ સાધવાનું છે. વિકાસ સાધવા માટે કસરત અને પોષણની જરૂર છે. કસરત અને પોષણ જે વખતે જેટલાં જોઇએ તે વખતે તેટલાં મળે તો વિકાસ સારો થાય, એ હેતુથી રીતો તથા દાખલાઓનો ક્રમ જોઇતી કસરત વખતસર આપે તેવો રાખ્યો છે. અને પોષણ આપવાનું કામ શિક્ષકનું છે. જેટલે અંશે તે પોષણ આપી શકે તેટલે અંશે તે સફળ શિક્ષક થાય છે. શિક્ષક પોષણ સંબંધી કંઇક જ્ઞાન મેળવી શકે તો વિદ્યાર્થીઓનું હિત સધાય એવા વિચારથી પોષણ સંબંધી માર્ગદર્શક સૂચનાઓ નીચે આપી છે.

આંકના શિક્ષણની શરૂઆતમાં પ્રથમ ગણતરી કરતાં બાળકોને શીખવાડવું. જેમકે:—બે ચચુકા લાવો. ત્રણ કાંકરા લાવો. ચાર સ્લેટો લાવો. ત્રણ પેનો મુકો. પાંચ ફુલ લાવો. વગેરે શાળાની આજુબાજુના ચોગાનમાં જે જે ચીજ—નાની કે મોટી, નકામી કે કામની,—હોય તે દરેકનો ગણતરી કરવામાં ઉપયોગ કરી લેવો, અને ગમે તે વખતે કરી લેવો. રમવા જતી વખતે, પાણી પીવા જતાં વગેરે હરકોઇ વખતે ગણતરીનું કામ કરાવવું. પછી ગણતરી સાથે આંકડા ઓળખતાં શીખવાડવું. જેટલી વસ્તુ તે ગણે તેટલી સંખ્યાનો આંકડો સાથે દર્શાવવા રાખે એવી પ્રથા રાખવી. ત્યારબાદ આંકનું લેખન શીખવાડવું અને શરૂઆતથી જ સારા આંકડા બાળકો લખે તેવો મહાવરો પાડવો. આથી ગણતરીનું કામ આગળ ચાલશે, અને

લેખનનું પણ ધીમે ધીમે થશે. ૯ થી ૧૦ શીખવાડતી વખતે ૯ નીચે ૦ અને ૧ મીંડા પહેલાં આવે તેમ લખાવવું. કારણકે ૧૦ માં એકમ શૂન્ય છે અને દશક એક છે. એટલે એકમ નીચે એકમ એમ લખવાની ટેવ પાડવી. એકમ અને દશકની સમજ અહીંથીજ પાડવી. પછી ધીમે ધીમે ૧૧ થી ૧૦૦ સુધીનું જ્ઞાન આપવું આ જ્ઞાન પાકું થાય તે માટેઃ—

(૧) ૧૦૦ થી ૧ સુધી અવળા લખાવવા,

(૨) લખોટાયંત્રમાં લખોટા કઢાવવા,

(૩) મણકા, બટન, ચચુકા વગેરે વસ્તુના દશકા બાંધી તેનો ઉપયોગ કરવો.

(૪) માળાના મણકા ગણાવવા,

(૫) પલાખાં લખાવવાં, તેમજ

(૬) એકી બેકીની રમત રમાડવી.

આ અને આવી બીજી બધી રીતોનો જુદે જુદે વખતે જુદી જુદી રીતે ઉપયોગ કરવો કે જેથી શિક્ષણમાં વિવિધતા દાખલ થાય અને બાળકોનો શીખવામાં રસ જારી રહે.

૧૨, ૧૩, ૧૪ એ સંખ્યાઓ એક એક ઉમેરીને શીખવી હશે એટલે એક ઉમેરતાં આવડી ગયું હશે. જેથી પ્રત્યક્ષ વસ્તુઓ સાથે

રાખીને મોઢેથી બબ્બે ઉમેરવાનું શરૂ કરાવવું, અને એકાનો ગડીઓ ૧×૧=૧ થી ૪૦×૧=૪૦ સુધીનો લખતાં શીખવાડવો. બે ઉમેરતાં આવડી જાય એટલે દુનો ગડીઓ લખાવવાનો શરૂ કરી દેવો. એક વખત લખવાની પદ્ધતિ દેખાડયા પછી તેઓ ૧×૨=૨ થી ૪૦×૨=૮૦ સુધીનો ગડીઓ જાતે બનાવી લેશે. દુના ગડીઆનું જ્યારે લેખન ચાલે તે વખતે ત્રણ ત્રણ મોઢેથી ઉમેરવાનું શરૂ કરવું. અને દુની માફક તરીનો ગડીઓ લખાવવો. પછી પાંચુ, દાન, ચોક, છક, આઠુ, નવું અને સાતાના ગડીઆ અનુક્રમે શીખવવા. છક, આઠુ, નવુ અને સાતાના ગડીઆનાં પ્રથમ વીસ વીસ પલાખાં ચલાવી ગયા પછી બીજાં વીસ પલાખાં ચલાવવાથી સરળતા વિશેષ લાવી શકાશે. ગડીઆને સમજપૂર્વક લખતાં આવડયા છતાં, પલાખાં આવડવા માટે વિવિધ રીતીઓનો ઉપયોગ કરવો જોઇશે. જેમકે:—

(૧) ગડીઆ અવળા લખાવવા તથા બોલાવવા.

(૨) પલાખાં પૂછવાં તથા લખાવવાં.

(૩) પલાખાંની સવાલવારી કરાવવી.

(૪) આંક ઝડપથી બોલવાની તેમજ ઝડપથી લખવાની ટેવ પાડવી. અને તે ઘડિઆળ સામે રાખી ઓછામાં ઓછા વખતમાં કોણ બોલી જાય છે તથા લખી જાય છે તેની હરિફાઇ કરાવવી.

(૫) નીચે જણાવેલા જેવો કોઠો ભરી લાવવા કહેવું:—

×	૫	૭	૮	૬	૯	૩
૧૫						
૧૭		૧૧૯				
૨૭			૨૧૬			
૨૯						
૩૯						
૮						

ઉપર પ્રમાણે આંક શીખવ્યા બાદ એકુ, દુ, તરી એ ક્રમે દાન સુધીનું પુનરાવર્તન કરી જવું. આ આંકમાં જુના આંક ચાળીસા સુધીના બધા આવી જશે. પછી શિક્ષકને જરૂર લાગે તો જુની રીતે ચાલીસા સુધીના આંક ચલાવી લેવા. શિક્ષકે આંક ચલાવવામાં થોડા પણ સારા કરાવવા તરફ ખાસ લક્ષ રાખવું. થોડા કરવાથી સારા થઇ શકશેજ. વધુ કરાવ્યા છતાં તે આવડશે નહિ તો તે શીખેલા નકામાજ છે. માટે થોડુ પણ સારૂ કેમ થાય તે તરફ શિક્ષકે અવશ્ય નજર રાખવી. આંક ચાલતી વખતે તેમાં ગુણાકાર છે એટલે આટલા ગણા છે તે વાત શિક્ષકે સમજાવી લેવાનું ચૂકવું નહિ. બીજું જેમ ભાષાના લેખનમાં શબ્દો છુટા પાડીએ છીએ તેમ, એકમ દશક સાથે, સોનો આંકડો જુદો,

હજાર દશહજાર સાથે, લાખ દશલાખ સાથે એમ લખવાની ટેવ પાડવી. જેમકેઃ— ૧૫ ૨૪ ૩ ૬૭.

દાન સુધીના (જુના ચાલીસ સુધીના) આંક ચાલે તે વખતે એકમ, દશક, સો, હજાર, દશહજાર વગેરે સ્થાનોની સમજ આપવા અને વસ્તુ સાથે સંખ્યા મંડાણ શરૂ કરવા માટે નીચેની રીત છે. છોકરાઓ પાસે તેમને ઘેરથી ચચુકા મંગાવવા. તેમાંથી છોકરાં પાસે ગણાવીને દસ દસની નાની, સો સોની મોટી અને હજાર હજારની પણ કોથળીઓ બાંધવી. અને એક કોથળીમાં છુટા ચચુકા રાખવા. હવે ૧ ૫ ૨૩ લખાવીએ તે વખતે હજારવાળી એક થેલી, સો વાળી પાંચ, દસવાળી બે અને ત્રણ છુટા ચચુકા મૂકશે. એટલે ૩ ને એકમ ન કહેતાં પ્રથમ છુટા કહેતાં શીખવાડવું. પછીથી એકમ શબ્દ સહેલાઇથી શીખી જશે. બીજુ સંખ્યા લેખનનાં અઢાર સ્થાન છે તે એકદમ સાથે શીખવાડી ન દેવાં તેમજ બધાં પણ શીખવાડી ન દેવાં. ધીરે ધીરે લાખ દસ લાખ સુધી શીખશે. એટલામાં તે બીજાં સ્થાનો સહેલાઇથી શીખી શકે તેવી શકિત પ્રાપ્ત કરશે. બીજુ શૂન્ય એટલે કંઇ નહિ તે સમજાવવું અને જે અંકસ્થાનનો અંક ન બોલાય તેની ખાલી જગ્યા બતાવવા શૂન્ય મૂકવાનું સમજાવવું. મોઢે બોલેલી અથવા શબ્દોમાં લખેલી સંખ્યા આંકડાઓમાં સહેલાઇથી લખી શકાશે, તેમજ આંકડાઓમાં લખેલી સંખ્યા મોઢે બોલી બતાવશે, પરંતુ આંકડાઓની સંખ્યા શબ્દોમાં લખવી એ મુશ્કેલ છે. માટે છોકરાંઓ ભાષામાં સ્પષ્ટ અને શુદ્ધ અક્ષરે લખે તે ઉપર શિક્ષકે અવશ્ય ધ્યાન આપવું અને સ્થાન પર-

ત્વે દરેક આંકડાની કિંમતમાં ફેરફાર હોય છે તે પણ સમજાવવા ચૂકવું નહિ. જેમકે ૨૫ અને ૫૨ માં પાંચડાની કિંમતમાં શો ફેર છે ? તેમજ ૯૯ માં દરેક નવડાની કિંમત પણ જાણે. આ બધી બાબતો એકી વખતે શીખવાડાય જ નહિ. બાળકોના શિક્ષકે એકી **વખતે એક જ વાત શીખવાડવી, બહુ શીખવાડવાનો લોભ બીલકુલ ન રાખવો. થોડું પણ પાકું શીખવાનો આગ્રહ તો રાખવો જ.**

આંક સરવાળાથી શીખવાડેલા હશે એટલે વદી સિવાયના સરવાળા કરી શકશે. તે પછી વદીવાળા સરવાળા કરાવવા. વદી લેવાનું શીખવાડીએ તે વખતે છોકરાં ભૂલ ન કરે માટે નીચે મુજબ હિસાબ ગણાવરાવવા:—

૨	૧	૧	વદી
૩	૮	૫૬	
૫	૯	૭૪	
	૬	૫૮	
૧૦	૪	૮૮	

થોડા હિસાબ ગણ્યા પછી વદી લખવાનું બંધ કરાવી દેવું, જેથી સરવાળા ગણવાની પાકી રીત આવડી જશે. સાદી રકમોના સરવાળા આવડે એટલે વિશેષ રકમોના સરવાળા, અને ત્યારબાદ તેવા સરવાળાનો જવાબ શો હોઇ શકે તેવી જાતના ગણાવવા. પછી શબ્દોની રકમોવાળા અને બુદ્ધિના ઉપયોગવાળા હિસાબ ગણ-

વાના છે. વિશેષ રકમોના સરવાળા વખતે પાંચ ઘોડા અને બે રૂપીઆ મળી સરવાળો સાત ન થાય તે તરફ લક્ષ દોરવા ચૂકવું નહિ. એક વખત હિસાબ ગણ્યા પછી સ્લેટ મૂકી ન દેતાં બીજી વખત ગણીને જ મૂકવાની ટેવ પાડવી. બીજી વખત ગણતા પહેલાં વદીની હાર ભૂસી નાખવી. જો પ્રથમવાર ઉપરથી ગણી નીચે આવ્યો હોય તો નીચેથી ગણી ઉપર જાય અને તોપણ જવાબ તે જ આવે તો હિસાબ ખરો માની દેખાડે એવી ટેવ પાડવી. અને આવી રીતે ગણેલો હિસાબ ખોટો પડે જ નહિ એવો ભાવ વિદ્યાર્થીના મનમાં ઉત્પન્ન કરવો, જેથી તે ધીમે ધીમે પોતાનો હિસાબ ખરો છે કે ખોટો તે પારખી શકશે, અને પોતાની આવડમાં શ્રદ્ધા ઉત્પન્ન થશે.

સરવાળા પછી ગુણાકાર શીખવાડવા કારણ કે ગુણાકાર સરવાળા ઉપરથી નીકળેલા છે. તેવી જાતના હિસાબ આપ્યા છે. પ્રથમ એક આંકડે ગુણતાં આવડે એટલે બે આંકડે ગુણતાં શીખવાડવું અને તે વખતે આંકડો કાપવા કરતાં મીડું મૂકતાંજ શીખવાડવું કારણ કે મીડું મૂકવાનું કારણ સમજાવવું તે આંકડો કાપવાના કારણને સમજાવવા કરતાં સહેલું છે. શૂન્યે ગુણીએ તો શૂન્ય આવે તે સમજાવવું, તેમજ વિશેષ સંખ્યાના ગુણાકારમાં ગુણ્ય જે જાતનો હોય તે જાતનો ગુણાકાર આવે એ વાત સમજાવવી રહી જવી ન જોઇએ. ગુણાકારનું ઉદાહરણ:—

	૪	૪	પર
		×	૭૮
	૩૫	૬	૧૬
૩	૧૧	૬	૪૦
૩	૪૭	૨	૫૬

ઉતરતી ભાંજણીમાં ગુણાકાર પાકા થાય છે, અને કોષ્ટકો શીખાય છે. દરરોજ સામાન્ય ઉપયોગમાં આવતાં કોષ્ટકો વાપરેલાં છે. ચોરસ માપ તથા ઘન માપનાં કોષ્ટકોનો યોગ્ય ઉપયોગ ક્ષેત્રફળ તથા ઘનફળના હિસાબોમાં જ છે તેથી તે ભાંજણીમાં નથી આપ્યાં. એટલે કોષ્ટકો સમજપૂર્વક શીખવાડવામાં મુશ્કેલી નહિ પડે, તેમજ તેનો ઉપયોગ વારંવાર થવાથી તે મનમાં રમી રહેશે. ઉતરતી ભાંજણી અને બીજી દરેક જાતના દાખલામાં એકમ, દશક, સો વગેરે સ્થાનોની સંખ્યાઓ શબ્દો છુટા પાડીએ છીએ તેમ લખવાની ટેવ એવી પાડવી કે જેથી ભવિષ્યમાં બાળકને ભૂલ ન પડે. ઉદાહરણ:—રૂા. ૮–૬–૩ પાઇની પાઇ કરો.

૮ રૂા.
× ૧૬
૧ ૨૮ આના
૬
૧ ૩૪ આના   ૧ ૬ ૧૧ પાઇ જવાબ.
× ૧૨
૧ ૬ ૦૮ પાઇ
૩
૧ ૬ ૧૧ પાઇ

બાળકો આટલે સુધી આવે છે તે મુદત દરમીયાન તેમણે અવળા આંક પણ કરેલા હોવાથી બાદબાકી કરવાની તથા સમજવાની શક્તિ તેમનામાં આવી જાય છે. એટલે પ્રથમ વદી વિનાની બાદ-

બાકી લેવી, અને પછી વદીવાળી બાદબાકી લેવી. વદી લઇને બાદબાકી કરવાની રીત પ્રચલીત છે તે પ્રમાણે શીખવાડવું, અથવા પુરક સરવાળાથી બાદબાકી કરવાની રીત છે તે પ્રમાણે શીખવાડવું. એક રીત પાકી થયા પછીજ બીજી રીત શીખવાડવી.

પુરક બાદબાકીનું ઉદાહરણ:—

૫	૪૭
૩	૬૮
૧	૭૯

સાતમાંથી આઠ બાદ નહિ જાય માટે આઠમાં કયો આંકડો ઉમેરીએ તો છેલ્લો આંકડો સાત આવે. તે આંકડો નવ છે. માટે બાદબાકીમાં એકમમાં નવ મૂકવા. ૯+૮=૧૭ ની વદી એક ૭ દશકમાં ઉમેરીએ તો સાત દશક થાય. તેમાં સાત ઉમેરીએ તો ચૌદનો છેલ્લો અંક ચાર આવે. માટે બાદબાકીમાં દશકને સ્થાને સાત મૂકીએ. હવે ચૌદની વદી એક ત્રણમાં ઉમેરીએ તો ચાર થાય તે પાંચમાંથી બાદ જતાં બાકી એક રહે. બાદબાકીનો તાળો મેળવવા માટે આવેલો જવાબ અને બાદ કરેલી રકમનો સરવાળો કરી જોવો. જો તે આપેલી રકમની બરોબર થાય તો બાદબાકી ખરી છે એમ જાણવું. અથવા આવેલો જવાબ મૂળ રકમમાંથી બાદ કરવાથી જો બાદ કરેલી રકમ આવે તો પણ હિસાબ ખરો માનવો. તાળો મેળવવાની જરૂર પહેલી રીતમાં છે, પૂરક સરવાળાની રીતમાં તાળો સાથે સાથેજ મેળવી લેવાય છે, માટે તે રીત હંમેશાં હોંશીઆર છોકરાઓને જ શીખવવી.

બાદબાકી ઉપરથી ભાગાકાર શરૂ કરવા. જેમકે બાવીસમાંથી બે કેટલી વખત બાદ જાય. પંચાવનમાં પાંચ કેટલી વખત બાદ જાય. વગેરે દાખલા પ્રમાણે વસ્તુઓ સાથે રાખીને ભાગાકાર શરૂ કરવા. પછી એક આંકડાના, બે આંકડાના, ત્રણ આંકડાના વગેરે આપેલા ક્રમ પ્રમાણે ભાગાકાર ચલાવવા, અને ભાજ્ય ભાજક ભાગાકાર અને શેષ શું છે તે સમજાવવું. હિસાબ ગણવામાંજ શરૂઆતમાં ગુણ્ય, ગુણક, ભાજ્ય, ભાજક વગેરે શબ્દો જો તે રકમો સાથે લખવાથી તેના અર્થનો ભાસ મનમાં દાખલ થશે. ગુણાકાર, ભાગાકાર અને શેષ એ શબ્દોના અર્થ સહેલાઇથી સમજાશે, પણ ગુણ્ય, ભાજ્ય, ગુણક અને ભાજક નહિ સમજાય. માટે ગુણ્ય અને ભાજ્ય એટલે ગુણવાની અને ભાગવાની રકમો, અને ગુણક અને ભાજક એટલે ગુણનારી અને ભાગનારી રકમો એમ સમજાવવું. સાથે સાથે ગુણવાની અને ગુણનારી રકમ વચ્ચેનો તેમજ ભાગવાની અને ભાગનારી રકમો વચ્ચેનો તફાવત પણ દેખાડવો. જેથી ગુણ્ય, ગુણક, ભાજ્ય, ભાજક શું છે તે બરાબર સમજાશે.

ભાગાકરનો તાળો મેળવવા માટે ભાગાકાર અને ભાજકનો ગુણાકાર કરી શેષ ઉમેરી જોવી. જો ભાજ્ય આવે તો જવાબ ખરો જાણવો.

ભાગાકાર પછી ચઢતી ભાંજણી લેવી.

ભાગાકાર તથા ચઢતી ભાંજણીનાં ઉદાહરણઃ—

```
૨૪) ૪ ૩૨ (૧૮
    ૨ ૪
    ---
    ૧ ૯૨
    ૧ ૯૨
    ----
    ૦ ૦૦        જવાબ ૧૮
```

૭ ૫૦ પાઇના રૂપીઆ. આના, પાઇ કરો.

```
     પાઇ                              આના
૧૨) ૭ ૫૦ (૬૨ આના.              ૧૬) ૬૨ (૩ રૂપીઆ.
    ૭ ૨                             ૪૮
    ---                             ------
     ૩૦                             ૧૪ આના
     ૨૪                     રૂ. ૩–૧૪–૬ પાઇ જવાબ.
     --
      ૬
```

ત્યાર બાદ વિવિધ સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર એ અનુક્રમે શીખવાડવા. ત્યાર પછી આપેલા પરચુરણ દાખલાઓનો ઉપયોગ કરવાથી ચાર સાદી રીતો, તથા કોષ્ટકો અને તેનો ઉપયોગ બરોબર શીખાશે. વિવિધ અંકે ભાગવાનું આ વખતે શીખવાડવું એ બોજો લાદવા જેવું છે, અને ભવિષ્યમાં વગર શીખવાડે પણ તે આવડી શકે તેમ છે એટલે તેને છોડી દીધું છે. શિક્ષકે સામાન્ય રીતે પોતાના આગળ એક સૂત્ર ખડુ રાખવું કે વિદ્યાર્થી જે પૂછે તેનો ધીમે રહીને ચ્હીડવાઇ ગયા સિવાય જવાબ આપવો. અને તે જ્યાં સુધી સમજ ન પડે ત્યાં સુધી

બાળકના પ્રયત્ન તરફ દિલસોજી રાખીને સમજાવવું. પચીશ વખત પૂછે તો તેનો જવાબ પચીસ વખત દેવો. પરંતુ શિક્ષકે ધીરજ ખોવી નહિ.

આણુપાણુના આંકનો ક્રમઃ—અડધા, દોઢા, અઢીઆ, પાયા, સવાયા, અને પોણા—આ પ્રમાણે રાખ્યો હશે તો સરળતા આવશે. પાયા, સવાયા અને પોણા શીખવાડતી વખતે અડધા, અઢીઆ અને દોઢાનાં અનુક્રમે તે અર્ધ છે તે સમજાવવું. વળી આ આંક શીખવાડતાંજ પાણોના સરવાળા થઇ જાય છે એટલે આણુપાણુની સંખ્યાના મંડાણ વખતે થોડું કરવાનું રહે છે. પોણીસો, પોણોસો, સો અને પોણો, પોણી ચારસો વગેરે સમજાવવાનું રહે છે. ત્યાર બાદ આણુપાણુના સરવાળા અને બાદબાકી તો રમતાં રમતાં થઇ જશે. આણુપાણુ એ દેશી રીત છે, અને વ્યવહારમાં તે દેશી કોષ્ટકોમાંજ વપરાય છે તેથી તેના વિલાયતના કોષ્ટકના હિસાબ નથી આપ્યા. આણુપાણુના ગુણાકારમાં સાદી સંખ્યાએ ગુણવાનું થઇ શકે છે. પાણે ગુણવાનું અને આના કે ઉપઆનાએ ગુણવાનું તો ઘણુંજ અટપટુ છે. તે સમજવાની શકિત આ વયે બાળકમાં નહિ હોવાથી તે છોડી દેવાના છે. આણુપાણુના ભાગાકાર પણ તેજ કારણે મૂકી દીધા છે.

એકમની રીત શરૂ કરવામાં શિક્ષકે વિચારપૂર્વક કામ લેવાનું છે. તે રીત બરાબર આવડે તો ત્રિરાશિ અને આખું ગણિત આવડી શકે છે. અને ન આવડે તો જીંદગીભર ગણિતના વિષયમાં બાથોડીઆંજ મારવાં પડે છે. તેથી ક્રમસર નીચે જણાવેલા દાખલા

કરેલા છે. શિક્ષકે તે બરોબર સમજવા. અને એક રીત ઉપરથી બીજી અને તેમાંથી ત્રીજી એમ આપેલાં ઉદાહરણની રીતમાં કેવી રીતે દાખલ થવાય છે તે જાણી લેવું. પછી બાળકને પહેલા હિસાબની રીત શીખવાડવી. ત્યાંથી તેને ગણવા માટે છૂટો મૂકવો. તે કાળજીપૂર્વક કામ કરનાર હશે તો સહેલાઇથી આપોઆપ બીજી અને તેમાંથી ત્રીજી રીતમાં જાણ્યા સિવાય ઉતરી પડશે. એમ સમ કે વ્યસ્ત શબ્દો જાણ્યા સિવાય પણ તેવી જાતના હિસાબ કરી શકવા તે સમર્થ થશે, અને જાતે આગળ વધ્યે જશે. બીજા વિદ્યાર્થીઓ માટે શિક્ષકે કાળજીપૂર્વક કામ લેવું જોઇશે. અને રકમ સમજ્યા સિવાય હિસાબ ન ગણે તે તરફ ખાસ નજર રાખવી જોઇશે.

ઉદાહરણ ૧ લું:—૧ પૈસાની ૫ પેન તો ૭ પૈસાની કેટલી?

૧ પૈસાની ૫ પેન મળે
તો ૭ ,, ૩૫ પેન મળે.

એમ એક પૈસા કરતાં જેટલા ગણા પૈસા લઇએ તો એક પૈસાની જેટલી પેન મળતી હોય તેના કરતાં તેટલા ગણી મળે.

ઉદાહરણ ૨ જું:—૩ પૈસાની ૧૨ પેન મળે તો ૧ પૈસાની કેટલી ?

૩ પૈસાની ૧૨ પેન મળે
તો ૧ ,, ૪ પેન મળે.

પહેલા ઉદાહરણમાં ગુણ્યાનો સંબંધ છે, અને બીજામાં ભાગ્યાનો સંબંધ છે. પહેલામાં એકના ઉપરથી વધારેનું કાઢવાનું છે. બીજામાં વધારેના ઉપરથી એકનું કાઢવાનું છે.

ઉદાહરણ ૩ જું:—૩ પૈસાની ૧૨ પેન મળે તો ૫ પૈસાની કેટલી ?

	૩ પૈસાની	૧૨	પેન	મળે
તો	૧ ,,	૪	,,	,,
તો	૫ ,,	૨૦	,,	,,

આમાં પહેલાં બે ઉદાહરણમાં જણાવેલી બન્ને રીતોનું મિશ્રણ છે. પ્રથમ ભાગવાની અને પછી ગુણવાની રીતનો ઉપયોગ છે. આ અને આવા બીજા બધા હિસાબો પ્રથમ એક ઉપર ગયા પછીથીજ થઇ શકે છે માટે આ રીતને એકમની રીત કહી છે.

ઉદાહરણ ૪ થું:—૫ પૈસાની ૨૦ પેન તો ૨૫ પૈસાની કેટલી ?

	૫ પૈસાની	૨૦	પેન
તો	૧ ,,	૪	,,
તો	૨૫ ,,	૧૦૦	,,

અથવા

૫ પૈસાની ૨૦ પેન
તો ૨૫ ,, ૧૦૦ પેન
કારણકે ૨૫ પૈસા, ૫ પૈસા કરતાં ૫ ગણા છે માટે પેનો ૨૦ થી પાંચગણી એટલે ૧૦૦ આવે.

આ બીજી રીત વાપરવી કે નહિ તે આ હિસાબમાં મરજીયાત છે. પણ પછીના હિસાબમાં તે ફરજીઆત બને છે. એટલે તે રીત શીખવાની છે.

ઉદાહરણ ૫ મું:—૩ પૈસાની ૧૭ પેન તો ૧૨ પૈસાની કેટલી ?

૩ પૈસાની ૧૭ પેન		પૈસા ચાર ગણા હોવાથી પેન
તો ૧૨ ,, ૬૮ પેન		ચાર ગણી મળશે.

આમાં એક પૈસાની કાઢી શકાશે નહિ. એટલે જેટલા ગણા પૈસા તેટલા ગણો માલ, અથવા જેટલા ગણો માલ તેટલા ગણા પૈસા એ વાત સમજાવવી.

ઉદાહરણ ૬ ઠું:—૬૩ પેનના ૭ પૈસા પડે તો ૨૧ પૈસાની કેટલી ?

૭ પૈસાની ૬૩ પેન		આ અને ૩જુ બન્ને ઉદાહરણો
તો ૧ ,, ૯ ,,		સરખાં છે. ફેર માત્ર રકમ ઉલટી
તો ૨૧ ,, ૧ ૦૮ ,,		લખી છે તેમાં જ છે.

ઉદાહરણ ૭ મું:—૭ ટોપીના રૂ. ૩॥ પડે તો ૧૯ ટોપીનું શું ?

૭ ટોપીના રૂ. ૩॥		આમાં આણુપાણુના આંકનો
તો ૧ ,, રૂ. ૦॥		ઉપયોગ છે.
૧૯ ,, રૂ. ૯॥		

ઉદાહરણ ૮ મું:—રૂ. ૧॥। ની ૭ ચોપડીઓ મળે તો રૂ. ૫ ની કેટલી ?

૭ ચોપડીઓના રૂ. ૧॥।		
તો ૧ ,, રૂ. ૦।		આ હિસાબ સાતમા જેવો
૪ ,, રૂ. ૧		પણ ઉલટી રીતે લખેલો છે.
૨૦ ,, રૂ. ૫		

નીચેનું ઉદાહરણ સમજાવવા માટે પ્રથમ ચારસો કાંકરાનો ઢગલો કરાવવો. ત્યાંથી બીજી જગ્યાએ તે કાંકરાને લઇ જવાનું બે છોકરાંઓને કહેવું. દરેક ફેરે દરેક વિદ્યાર્થી પાંચ કાંકરા લઇ જાય એમ રાખવું. તેમ કરતાં કેટલો વખત જાય છે તે ઘડીઆળમાં જોઇ નોંધવો. ત્યાર બાદ ચાર છોકરાઓને તે કામ તેવી રીતે કરવાનું સોંપવું. અને તેમને કેટલો વખત લાગે છે તે નોંધવો. પહેલાંના કરતાં લગભગ અડધો વખત લાગશે. ત્યાર બાદ ૭ છોકરાઓ પાસે તે કામ કરાવવું અને વખત લાગે તે નોંધવો. વળી આઠ છોકરાઓ પાસે કામ કરાવી તેમણે લીધેલો વખત પણ નોંધવો. આ પ્રમાણે નોંધેલા વખત ઉપરથી દેખાડવું કે છોકરાઓ બમણા થાય. તો વખત અડધો થાય છે છોકરાઓ ત્રમણા થાય તો વખત ત્રીજા ભાગ જેટલો લાગે છે. આવી રીતે પ્રયોગ કરી દેખાડયા પછી નીચેનું ઉદાહરણ શીખવાડવું:—

ઉદાહરણ ૯ મું:—૪ ખેડુત એક ખેતર ૭ દિવસમાં લણી રહે તો ૧ ખેડુત તે જ ખેતર કેટલા દિવસમાં લણી રહે ?

૪	ખેડુત	૧	દિવસમાં		જેટલું કામ કરે તેટલું કામ
૧	,,	૪	,,		કરે તો
૪	,,	૨	,,		જેટલુ કામ કરે તેટલુ કામ
૧	,,	૮	,,		કરે. અને તેવી જ રીતે
૪	,,	૭	,,		જેટલુ કામ કરે તેટલુ કામ
૧	,,	૨૮	,,		કરે.

આ રીતે વ્યસ્ત ત્રિરાશિના હિસાબની શરૂઆત કરવાથી તે અઘરા નહિ લાગે.

ઉદાહરણ ૧૦ મું:—૭ ખેડુત એક ખેતર ૪ દિવસમાં લણી રહે તો ૧૪ ખેડુત કેટલા દિવસમાં લણી રહે

૭ ખેડુત ૪ દિવસમાં લણી રહે.

તો ૧ ,, ૨૮ ,, ,, ,,

તો ૧૪ ,, ૨ ,, ,, ,,

આ રીતથી ત્રિરાશિનાં પદ મૂકયા સિવાય વ્યસ્ત ત્રિરાશિના હિસાબ થઇ શકશે.

ઉદાહરણ ૧૧ મું:—એક ખેતર ૭ દિવસમાં લણવાને ૪ મજુર જોઇએ તો ૧ દિવસમાં લણવાને કેટલા મજુર જોઇએ ?

૭ દિવસ સુધી ૪ મજુર જેટલું કામ કરે તેટલું કામ ૧ દિવસમાં ૨૮ મજુર કરી શકે.

ઉદાહરણ ૯ માં એક માણસને કામ કરવાને કેટલો વખત લાગે અને આ હિસાબમાં એક દિવસમાં તે જ કામ કરવાને કેટલા મજુર જોઇએ એ કાઢવાનું છે. થોડા વખતમાં કામ કરવું હોય તો વધારે માણસ જોઇએ અને થોડા માણસો હોય તો વધારે દિવસ લાગે એ વાત બાળકો સહેલાઇથી સમજી શકશે. આ બન્ને હિસાબની સરખામણી કરીને એક વાત એ પણ સમજાવાય કે એક દિવસમાં કામ કરી નાખવા ૨૮ મજુર જોઇએ અથવા એક મજુરે ૨૮ દિવસ સુધી કામ કરવું જોઇએ.

ઉદાહરણ ૧૨ મું:—એક ખેતર ૧૮ દિવસમાં ૬ મજુર લણી રહે છે તો ૨૭ દિવસમાં લણી રહેવા માટે કેટલા મજુર જોઇએ ?

૧૮ દિવસમાં લણી રહેવા માટે ૬ મજુર જોઇએ
તો ૧ „ „ „ „ ૧૦૮ „ „
તો ૨૭ „ „ „ „ ૪ „ „

આ હિસાબ એ ઉપરના હિસાબથી ચઢતું પગથીયું છે. અને ઉપર જણાવેલી રીતે સમજાવી શકાય તેવો છે.

ઉદાહરણ ૧૩ મું:—૮ ખેડુત **એક ખેતર** ૧૬ **દિવસમાં** લણી રહે તો ૪ ખેડુત કેટલા દિવસમાં લણી રહે ?

૮ ખેડુત ૧૬ દિવસમાં લણી રહે
તો ૧ „ ૧૨૮ „ „ „
તો ૪ „ ૩૨ „ „ „

આ અને દશમા હિસાબને સરખાવીને શિક્ષક દેખાડી શકશે કે માણસ જે **પ્રમાણમાં** વધે છે અથવા ઘટે છે તે **પ્રમાણમાં** દિવસ ઘટે છે અથવા વધે છે.

ઉદાહરણ ૧૪ મું:—એક ખેતર ૨૦ દિવસમાં ૫ મજુર લણી રહે તો ૪ દિવસમાં લણી રહેવા માટે કેટલા મજુર જોઇએ ?

૨૦ દિવસમાં લણી રહેવા ૫ મજુર જોઇએ.
તો ૧ „ „ „ ૧૦૦ „ „
તો ૪ „ „ „ ૨૫ „ „

આ હિસાબને બારમા હિસાબ સાથે સરખાવીને માણસ બમણાં

થાય તો દિવસ અડધા લાગે એ પ્રમાણ ૧૩ મા હિસાબની માફક સમજાવી શકાશે.

ગણિતના પ્રકરણમાં દરેક રીતના બેથી પાંચ હિસાબ આપ્યા છે. સાથે અસંભવિત હિસાબ પણ આપ્યા છે જેથી વિદ્યાર્થીને બરોબર ખબર પડે.

અવયવ, લઘુતમ સાધારણ ભાજ્ય, અને દૃઢભાજકની બીજ ગણિતમાં ખાસ જરૂર પડે છે. તે વખતે તેમને સમજવાં બહુ મુશ્કેલ ન પડે, અને ગણિતમાં તે જાણવાથી ઘણી સરળતા આવી શકે છે માટે તેમને શીખવાડવાની જરૂર છે.

પ્રથમ વિભાજ્ય અને અવિભાજ્ય સંખ્યા એ શું છે તે દાખલા આપી સમજાવવું. અને તેવી સંખ્યાઓ તેમની પાસે શોધી કઢાવવી. પછી અવયવ એટલે શું તે સમજાવવું.

જેમકે:—૧૨=૪×૩=૨×૨×૩=૬×૨. અવયવોને ગુણાકારનોજ સંબંધ હોઇ શકે, સરવાળાનો નહિ એ વાત પાકી રીતે ઠસાવવી જોઇએ. અને તે માટે ભાગ અને અવયવની સરખામણી કરી દેખાડવું. જેમકે ૧૨ ના ભાગ ૭ અને ૫, ૬ અને ૬, ૪ અને ૮, ૩ ને ૯ વગેરે. અવયવ એટલે શું તે બરોબર સમજાય એટલે અવિભાજ્ય અવયવ એટલે શું તે સમજાવવું. જેમકે ૧૩×૬ એ ૭૮ ના અવયવ દેખાડે છે. પણ તે વિભાજ્ય છે. જ્યારે ૧૩×૩×૨ એ ૭૮ ના અવિભાજ્ય અવયવ દેખાડે છે. અવિભાજ્ય અવયવ પાડવાના થોડા દાખલા ગણ્યા પછી અવયવ પાડવાના સામાન્ય નિયમો જે આ સાથે આપેલા છે તે શિક્ષકે વિદ્યાર્થી પાસે કઢાવવા અને

તેની નોંધપોથીમાં નોંધાવવા. અવિભાજ્ય અવયવ પાડવાના દાખલા નીચે જણાવેલી રીતે ગણવાની ટેવ પાડવી. જેથી અવયવ શબ્દનો અર્થ ચોકકસ રીતે તેના મગજમાં ઠસી જશેઃ—

૨	૫ ૭૬	૫ ૭૬=૨×૨ ૮૮
૨	૨ ૮૮	=૨×૨×૧ ૪૪
૨	૧ ૪૪	=૨×૨×૨×૭૨
૨	૭૨	=૨×૨×૨×૨×૩૬
૨	૩૬	=૨×૨×૨×૨×૨×૧૮
૨	૧૮	=૨×૨×૨×૨×૨×૨×૯
૩	૯	=૨×૨×૨×૨×૨×૨×૩×૩
૩	૩	
	૧	

ભાગાકારની રીતની સાથે અવયવ દેખાડવાની આ નવી રીતથી અવયવ શબ્દનો અર્થ બરોબર મગજમાં ઠસી જશે.

પછીથી દઢભાજક એ શું છે તે સમજાવવું. તે માટે પ્રથમ આપેલી સંખ્યાઓના ભાજક કઢાવવા. અને તેમાંથી સાધારણ ભાજક કયા છે તે શોધાવવા. અને તે પૈકી ગુરૂતમ અથવા મોટામાં મોટો સાધારણ ભાજક કયો છે તે શોધાવવો. આને દઢભાજક કહે છે. આ રીતથી અવિભાજ્ય અવયવ પાડી દઢભાજક શોધી કાહાડતાં

સમજપૂર્વક આવડશે. ત્યાર બાદ ભાગાકારની રીતે દઢભાજક શોધી કહાડતાં શીખવાડવું. પછીથી લઘુતમ સાધારણ ભાજ્યની રીત શરૂ કરવી તે માટે આપેલી રકમોના પ્રથમ ભાજ્ય શોધાવવા. ભાજ્ય એ ગુણાકારની રકમોજ આવશે. ત્યાર બાદ સાધારણ ભાજ્યો જુદા કઢાવવા. અને તે પૈકી નાનામાં નાનો (લઘુતમ) સાધારણ ભાજ્ય ખોળાવવો. તે એકજ હશે. અને તે લઘુતમ સાધારણ ભાજ્ય કહેવાય છે એમ જણાવવું. આ રીતથી અવિભાજ્ય અવયવ પાડીને લઘુતમ સાધારણ ભાજ્ય શોધી કહાડવાનું બાળકોને બરોબર સમજાશે. ત્યાર બાદ ટુંકી પ્રચલીત રીતે હિસાબ ગણતાં શીખવાડવા. ઉદાહરણ:—

૨૨, ૨૫, ૩૪, ૪૫ અને ૩૩ નો લઘુતમ સાધારણ ભાજ્ય કાઢો.

૨	૨૨–૨૫–૩૪–૪૫–૩૩
૧૧	૧૧–૨૫–૧૭–૪૫–૩૩
૫	૧–૨૫–૧૭–૪૫–૩
૫	૧–૫–૧૭–૯–૩
૧૭	૧–૧–૧૭–૯–૩
૩	૧–૧–૧–૯–૩
૩	૧–૧–૧–૩–૧
	૧–૧–૧–૧–૧

૨×૧૧×૫×૫×૧૭×૩×૩=૮૪૧૫૦ જવાબ:- ૮૪૧૫૦

આણુપાણુ શીખેલા હોવાથી સામાન્ય અપૂર્ણાંકની શરૂઆત તેના ઉપરથી કરવી. જેમકે ૦। એટલે એકનો ચોથોભાગ અર્થાત એકના ચાર ભાગ કરી તેમાંથી એક ભાગ લઇએ. તે સામાન્ય અપૂર્ણાંકમાં $\frac{1}{4}$ એમ લખાય છે. નીચે એકના જેટલા ભાગ કર્યા હોય તે લખાય છે. અને તે ભાગોમાંથી જેટલા ભાગ લઇએ તે ઉપર લખાય છે. ઉપરનાને અંશ અને નીચેનાને છેદ કહે છે. દાખલા તરિકે એકના ચાર ભાગ કરી તેમાંથી ત્રણ ભાગ લઇએ તો $\frac{3}{4}$ એમ લખાય. આણુપાણુમાં લખવું હોય તો આપણે ૦॥। લખીએ છીએ. તેવીજ રીતે ૦॥ લખવું હોય તો $\frac{2}{4}$ એમ લખી શકાય. કારણકે એકના ચાર ભાગ કરી તે પૈકી બે ભાગ લીધા. એનો અર્થ એ પણ ખરો કે એકના બે ભાગ કરી તે પૈકી એક ભાગ લઇએ એટલે $\frac{1}{2}$ લખીએ તે પણ ખરૂં છે. સામાન્ય અપૂર્ણાંકમાં $\frac{2}{4}$ ને બદલે $\frac{1}{2}$ લખાય છે. એટલે આપણે તે વાપરીશું. અને જેટલા પૂર્ણાંક હશે તે જેમ પાણુ પહેલાં લખાય છે તેમ લખીશું. દાખલા તરિકે ૧ ૦૨॥= ૧ ૦૨$\frac{1}{2}$. આમ આણુપાણુમાંથી સામાન્ય અપૂર્ણાંકમાં અને સામાન્ય અપૂર્ણાંકમાંથી આણુપાણુમાં લાવવાના હિસાબ ગણી શકાશે. ત્યાર બાદ કોઇ પણ વસ્તુના ચાર કરતાં વધારે ઓછી ભાગ કરીએ અને તેમાંથી જેટલા ભાગ લઇએ તે નીચે જણાવ્યા પ્રમાણે દર્શાવાય:—એક વસ્તુના પાંચ ભાગ કરી તે પૈકી બે ભાગ લઇએ તો $\frac{2}{5}$ વસ્તુ લીધી એમ કહેવાય. એક વસ્તુના સાત ભાગ કરી તેમાંથી ત્રણ ભાગ લઇએ તો $\frac{3}{7}$ વસ્તુ લીધી એમ કહેવાય અને લખાય.* તેવી રીતના હિસાબ ગણાવવા. ત્યાર બાદ એક માણસને પાંચ


* સંખ્યા વાચનની પેઠે અપૂર્ણાંકનું પણ વાચન કરાવવું.

આખી વસ્તુઓ અને છટ્ઠી વસ્તુનો ત્રીજો ભાગ મળ્યો હોય તોં તે કેમ લખાય તે દેખાડવું. જેમકે $૫\frac{૧}{૩}$. અને તેવી જાતના દાખલા ગણ્યા પછી નીચેની રીત શીખવાડવી:—

૨૭ વસ્તુના પાંચ ભાગ પાડીએ તો એક વસ્તુનો જેમ પાંચમો ભાગ લખતા તેમ પાંચમો ભાગ $\frac{૨૭}{૫}$ લખાય. તેવી રીતે ૧૯ વસ્તુના ચાર ભાગ પાડીએ તો એક ભાગ $\frac{૧૯}{૪}$ લખાય. હવે ૧૯ વસ્તુના ચાર ભાગ પાડતાં એક ભાગે ચાર આખી વસ્તુઓ અને અને બાકીની ત્રણ વસ્તુઓનો ચોથો ભાગ એટલે $\frac{૩}{૪}$ આવે. તેથી એક ભાગ $૪\frac{૩}{૪}$ થયો. એટલે $\frac{૧૯}{૪}=૪\frac{૩}{૪}$ થયા. આવી રીતે ગમે તેટલી વસ્તુઓના ગમે તેટલા ભાગ પાડીએ તો એક ભાગે કેટલા આવે તે **આપણે પૂર્ણાંક કાઢી** જોઇ શકીએ. તે આવડે એટલે પછી $૪\frac{૩}{૪}$ એક ભાગે આવે તો મૂળ ૧૯ વસ્તુના ભાગ પડયા હશે તે તેનું અશુદ્ધ અપૂર્ણાંક કરવાથી ઝટ જાણી શકીએ. તેવી જાતના દાખલા ગણ્યા પછી આપણે ચોક્કસ રીતે એ વાત સમજાવી શકીએ કે એક અથવા વધારે વસ્તુના જે ભાગ પાડયા હોય તો ભાગ છેદથી દેખાડાય અને વસ્તુ અંશથી દેખાડાય. અથવા આ જ વાત બીજી રીતે પણ કહી શકાય કે એક વસ્તુના છેદ જેટલા ભાગ પાડી એક ભાગ અંશમાં દેખાડેલી વાર લીધો છે. દાખલો:—
$\frac{૧૯}{૪}$ માં એક વસ્તુના ચાર ભાગ પાડી, એક ભાગ એટલે $\frac{૧}{૪}$, ૧૯ વખત લીધો છે. આમ અપૂર્ણાંક બે રીતે સમજાવી શકાય (૧) અપૂર્ણાંકનો છેદ તે આખી એક વસ્તુના કેટલા સરખા ભાગ થયા છે તે દેખાડે છે, ને અંશ તે ભાગોમાંના કેટલા ભાગ લીધા તે બતાવે છે. (૨) અપૂર્ણાંકનો અંશ તે આખી કેટલી વસ્તુઓ

વહેંચવી છે તે દેખાડે છે ને છેદ તે વસ્તુઓ કેટલા સરખા ભાગોમાં વહેંચવી છે તે દેખાડે છે.

હવે નવી રીત શરૂ કરતી વખતે દરેક વિદ્યાર્થીને સરખી લંબાઇની ચાર કાગળની પટીઓ આપવી. પહેલીના બે, બીજીના ચાર, ત્રીજીના આઠ, ચોથીના સોળ સરખા ભાગ થાય એમ વળાવવી. પછી દરેક પટી ઉપર નીચે દેખાડેલી આકૃતિમાં જણાવ્યા મુજબ અપૂર્ણાંકની કિંમત લખાવવી.



ત્યાર બાદ બધી પટીઓને આકૃતિમાં બતાવ્યા પ્રમાણે એક નીચે એક એમ ગોઠવાવી કઢાવવું કે જેથી

$\frac{૧}{૨}=\frac{૨}{૪}=\frac{૪}{૮}=\frac{૮}{૧૬}$ દેખાઇ આવે.

$\frac{૧}{૨}=\frac{૧\times૨}{૨\times૨}=\frac{૨}{૪}$, $\frac{૧}{૨}=\frac{૧\times૪}{૨\times૪}=\frac{૪}{૮}$, $\frac{૧}{૨}=\frac{૧\times૮}{૨\times૮}=\frac{૮}{૧૬}$

અને

$\frac{૨}{૪}=\frac{૨\div૨}{૪\div૨}=\frac{૧}{૨}$, $\frac{૪}{૮}=\frac{૪\div૪}{૮\div૪}=\frac{૧}{૨}$, $\frac{૮}{૧૬}=\frac{૮\div૮}{૧૬\div૮}=\frac{૧}{૨}$

આ ઉપરથી સમજાવવું કે કોઇ પણ અપૂર્ણાંકના અંશ તથા છેદ બન્નેને એકજ સંખ્યાએ ગુણીએ કે ભાગીએ તો તેની કિંમતમાં ફેર પડતો નથી.

તેથી કોઇ પણ અપૂર્ણાંકને તેની કિંમતમાં ફેરફાર કર્યા સિવાય તેના અંશ કે છેદમાં તેમનો ભાજ્ય આવે તેવા રૂપમાં આણી શકાય છે, તે દેખાડવું. જેમકે $\frac{૧}{૩}$ એ $\frac{૭}{૨૧}$ ની બરાબર છે તે છેદ ઉડાડી, એટલે અંશ અને છેદને સરખી રકમ ૭ વડે ભાગી દેખાડવું. એ રીતે અપૂર્ણાંકનું સંક્ષેપ રૂપ શીખવાડયા બાદ બધી રકમોના છેદનો લઘુતમ સાધારણ ભાજ્ય કાઢી સમચ્છેદ કરવાનું શીખવાડવું. કારણ કે સમચ્છેદ વિના નાની કે મોટી કયી એ દેખી શકાય નહિ. સરખા છેદ થયા પછી મોટી કયી અને નાની કયી એ અંશ જોઇને

તૂર્ત કહી શકાય. કારણ કે સમચ્છેદ કરવાથી દરેકના ભાગ સરખા પડયા તે પૈકી એકમાંથી કેટલા ભાગ લીધા, અને બીજામાંથી કેટલા ભાગ લીધા એ અંશ જોવાથી તૂર્ત જણાય. અને તેથી નાનો કે મોટો ભાગ તૂર્ત કહી શકાય. તેમજ અપૂર્ણાંક કે અપૂર્ણાંકના સરવાળા બાદબાકીમાં કરવામાં પણ છેદ સરખા કર્યા હોય તોજ ગણી શકાય. તે સમજાવા માટે બાળકને પ્રથમ નીચેનો હિસાબ આપવો:- $\frac{૨}{૩}+\frac{૩}{૫}$. તે સરવાળો $\frac{૫}{૮}$ કરી લાવે ત્યારબાદ કાગળની પટીઓ વડે સિદ્ધ કરી દેખાડવું કે તે ખોટું છે. અને ત્યાર પછી કહેવું કે છેદ સરખા કર્યા સિવાય સરવાળા બાદબાકી ન થઇ શકે. કારણ કે $\frac{૧}{૨}+\frac{૨}{૩}$. તેમાં $\frac{૧}{૨}=\frac{૩}{૬}$ અને $\frac{૨}{૩}=\frac{૪}{૬}$. હવે બન્નેના છેદ સરખા થયા એટલે બન્ને સરખા મહત્વના થવાથી સરવાળો $\frac{૭}{૬}$ ઝટ જાણી શકાય. પછી સરવાળા બાદબાકી ઘણી રકમોની એકી સાથે એક હિસાબમાં થઇ શકે તે પણ દેખાડવું. છેદ સરખા કરી, જે રકમો પહેલાં વત્તાની નિશાની હોય તેના અંશનો સરવાળો કરવો અને ઓછાની નિશાની વાળી રકમોના અંશનો સરવાળો કરવો. પછી વત્તાના સરવાળામાંથી ઓછાનો સરવાળો બાદ કરવો. મિશ્ર અપૂર્ણાંકના હિસાબોમાં બાળકો તેનું અશુદ્ધ અપૂર્ણાંકનું રૂપ કરીને હિસાબ ન ગણે, પરંતુ પૂર્ણાંક અને અપૂર્ણાંકની સરવાળા બાદબાકી જુદી જુદીજ કરે તેવી ટેવ પાડવાથી તેમનું ઘણું કામ સરળ થશે.

કૌંસમાં આવેલી રકમો એક સંપ દેખાડે છે માટે કૌંસમાં મૂકેલી રકમો વચ્ચે જે ચિહ્ન હોય તેમાં દર્શાવેલી ક્રિયા પહેલી કરી લેવી. અને ત્યાર પછીથી કૌંસની બહારના ચિહ્નનો ઉપયોગ કરવો

અપૂર્ણાંકના ગુણાકાર માટે સઘળા અંશનો ગુણાકાર તે ગુણાકારનો અંશ, અને છેદનો ગુણાકાર તે ગુણાકારનો છેદ, આ નિયમ દેખાડવો. જે જવાબ આવે તેને અતિ સંક્ષેપ રૂપમાં લાવવા માટે અંશ અને છેદમાં સાધારણ અવયવ હોય તે કાઢી નાખવા.

અપૂર્ણાંકે અપૂર્ણાંકનો ભાગાકાર કરવો એટલે $\frac{૩}{૪}$ ને $\frac{૨}{૫}$ વડે ભાગવામાં અર્થ એટલોજ છે કે $\frac{૨}{૫}$ ને કયા અપૂર્ણાંકે ગુણીએ તો જવાબ $\frac{૩}{૪}$ આવે ? જેમકે ૨૮ ને ૭ વડે ભાગવા એટલે ૭ ને કેટલાએ ગુણીએ તો ૨૮ આવે. અને તેટલા માટે જેટલા વડે ભાગવાના હોય તેને ઉલટાવી નાખી આપેલા ભાજ્યને ગુણવા. એટલે ભાજકનો અંશ તે નવો છેદ અને છેદ તે નવો અંશ કરી તે નવા બનેલા ભાજકના અપૂર્ણાંક વડે ભાજ્યને ગુણવા. ગુણતાં અંશ છેદનો સંક્ષેપ જાય તો કાઢવો.

હવે અપૂર્ણાંકના છેદમાં પૂર્ણાંક કે અપૂર્ણાંક હોય તેનો અર્થ પણ ભાજ્ય છે એ સમજાવી શકશે કારણ કે અંશને છેદ હમેશાં ભાગે છે જ.

અપૂર્ણાંકના ગુણવાના અને ભાગવાના નિયમો સમજવા એ બાળકો માટે બહુ અઘરું કામ છે. પણ તેનો ઉપયોગ ત્રિરાશી વગેરેના હિસાબોમાં થતો હોવાથી તેને મૂકી દઇ શકાય નહિ તેમજ તે નિયમોનો ઉપયોગ કરવો એ સહેલું છે. તેથી બાળકો નિયમો જાણે, અને તેનો ઉપયોગ કરી જાણે એટલું પૂરતું છે.

અપૂર્ણાંકના દાખલાઓમાં સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, કૌંસ એ ચિહ્નો વાપરવામાં આવ્યાં હોય તો તે દાખલા કરવામાં નીચેના નિયમો ધ્યાનમાં રખાવવા.

(૧) " ના ,, એ ચિન્હથી જોડાયલી રકમો એકજ રકમ લેખે ગણી તેમનો ગુણાકાર પહેલો કરવો. એજ પ્રમાણે કૌંસમાં મૂકેલી રકમો પણ એકજ ગણી તેમની વચ્ચેનાં ચિહ્નો પ્રમાણે કરી લઇ એક રકમ બનાવી લેવી.

(૨) ગુણાકાર અને ભાગાકાર, સરવાળા અને બાદબાકી ની પહેલાં કરવા.

(૩) ગુણાકારઅને ભાગાકારમાં જે ચિહ્ન પહેલું હોય તેમાં જણાવેલી ક્રિયા પહેલી કરવી અને પછી બીજી.

અથવા ટુંકામાં નીચેનો ક્રમ હિસાબ ગણતી વખતે લક્ષમાં રાખવો:—

(૧) કૌંસ (૨) ના (૩) × અને ÷ (૪) + અને - વત્તા અને –થી રકમો જુદી પડે છે. અને તે સિવાયની રકમો એક છે એમ વિદ્યાર્થીને ગળે ઉતારવું.

અપૂર્ણાંકનો આગળ બહુજ ઉપયોગ થવાનો છે, માટે તેની ચાર સાદી રીતો આવડે એટલે બસ છે. તેમાં સમજણ પડયા પછી બાળકોનો બહુ વખત ગાળવો એ ઠીક નહિ લાગવાથી બધુ એક પ્રકરણમાં આપ્યુ છે. આપેલા દરેક દાખલાની જાતના વધારે જરૂર પડે તો શિક્ષકે ઉપજાવી કાઢવા. અપૂર્ણાંકની શીખેલી રીતનો ઉપયોગ કોષ્ટકોમાં કરવાનો છે. આ વખતે બાળકો જે પ્રચલિત ભૂલ કરે છે તે નીચે દેખાડવામાં આવી છે. તેવી ભૂલ વિદ્યાર્થી ન કરે તે તરફ ખાસ નજર રાખવી.

૩. ૫–૨–૭ પાઇનું અપૂર્ણાંક કરો:—

ખોટી રીતઃ—

$\frac{૭}{૧}\times\frac{૧}{૧૨}=\frac{૭}{૧૨}+૨=૨\frac{૭}{૧૨}=\frac{૩૧}{૧૨}\times\frac{૧}{૧૬}=\frac{૩૧}{૧૯૨}+૫=૫\frac{૩૧}{૧૯૨}=\frac{૯૯૧}{૧૯૨}$

રૂ. $\frac{૯૯૧}{૧૯૨}$ જવાબ

ખરી રીતઃ—

$\frac{૭}{૧}\times\frac{૧}{૧૨}=\frac{૭}{૧૨}$ આના } $\frac{૭}{૧૨}+૨=૨\frac{૭}{૧૨}=\frac{૩૧}{૧૨}$ આના {

$\frac{૩૧}{૧૨}\times\frac{૧}{૧૬}=\frac{૩૧}{૧૯૨}$ રૂપીઆ } $\frac{૩૧}{૧૯૨}+૫=૫\frac{૩૧}{૧૯૨}=\frac{૯૯૧}{૧૯૨}$ રૂપીઆ }

રૂ. $\frac{૯૯૧}{૧૯૨}$ જવાબ

ખોટી રીતમાં જોવાનું એજ છે કે $\frac{૭}{૧૨}=\frac{૯૯૧}{૧૯૨}$ આગળ જતાં થાય છે. કારણ કે બરોબરના ચિહ્નની બન્ને બાજુઓ હંમેશાં સરખી હોવી જોઇએ. માટે તેવી ભૂલ ઉતાવળને લીધે વિદ્યાર્થી કરતાં ન શીખે તે ખાસ જોવું.

$\frac{૫}{૨}$ ના ૭ શિ. + ૪ પૌંડ જેવા દાખલા નથી આપ્યા. કારણ-કે તે અર્થહીન છે. તેવા હિસાબનો આગળ કાંઇ જગ્યાએ ઉપયોગ થતો નથી, અને તેનાથી નીરસ હિસાબોનો બોજો વધે છે. બધી જાતના કૌંસ અને તેના ઉપયોગવાળા હિસાબો પણ તેજ કારણે આ ભાગમાં નથી આપ્યા.

ત્રિરાશિની શરૂઆતમાં એક શેર એક અધોળથી કેટલાગણું છે વગેરે જાતના દાખલા આપ્યા છે. આ દાખલાઓ કરાવવાથી ગણાનો અને ભાગનો ખ્યાલ તાજો થઇ જશે. પછી ત્રિરાશિ એટલે ત્રણ રકમ (૫૬). આપેલી ત્રણ રકમ (૫૬) છે. અને ચોથી શોધી કાઢવાની છે. એટલે ગણ્યે જવાબ આવે કે તુરત ચોથી રકમ (૫૬) દેખાડવો જ જોઇએ. તે સિવાય નજ ચાલે એમ ઠસાવવું. ત્રિરાશિના હિસાબ એકમની રીતે શીખી ગયા છે એટલે આ વખતે

તેમને ત્રિરાશિનાં પદ કેવી રીતે મૂકવાં તે સમજાવવામાં તે દાખલા-ઓનો ઉપયોગ કરવો. અને છોકરાઓ સમજ્યા છે કે નહિ તે જોવા માટે તે દાખલાઓ પદ મૂકી ગણાવવા. દાખલાઓ ગણાવતી વખતે દેખાડવું કે પહેલા અને ચોથા પદનો ગુણાકાર તે બીજા અને ત્રીજા પદના ગુણાકારની બરાબર છે. વળી ચોથુ પદ એ જવાબ છે એટલે બીજા અને ત્રીજા પદના ગુણાકારને પહેલા પદે ભાગવાથી હંમેશાં ચોથુ પદ આવશેજ. વળી જે જાતનો જવાબ આવવાનો હોય તે જાતનું આપેલું પદ ત્રીજું આવવું જોઇએ. એટલે પહેલુ અને બીજું બન્ને પદો એકજ જાતનાં અને ત્રીજુ તથા ચોથુ એ બન્ને પણ એકજ જાતનાં હોવાં જોઇએ.

ઉદાહરણઃ— ૫ પૈસાની ૨૫ કેરી મળે તો ૭ પૈસાની કેટલી મળે?

પૈસા પૈસા કેરી

૫ : ૭ : : ૨૫ : ૩૫

$$\frac{\overset{૫}{૨૫}\times ૭}{\underset{૧}{૫}} = ૩૫$$ ૩૫ કેરી જવાબ

ઉપરનો હિસાબ નીચે મુજબ ખોટી રીતે કરીએ તો પણ જવાબ ખરો આવે તેથી હિસાબ ખરો ન કહી શકાય, તે તરફ શિક્ષકે અવશ્ય ધ્યાન આપવું:—ખોટી રીતઃ—

પૈસા કેરી પૈસા કેરી

૫ : ૨૫ : : ૭ : ૩૫

૫
૨૫×૭
――― =૩૫ ૩૫ કેરી જવાબ
૫
૧

વ્યસ્ત ત્રિરાશિના હિશાબમાં, માણુસ કામ કરનાર વધારે હોય તો દિવસ ઓછા જોઇએ, માટે જવાબ થોડો આવશે. તેથી પહેલું પદ મોટી રકમવાળુ મૂકવું. અને ઓછાં માણુસ હોય તો દિવસ વધારે લાગે માટે જવાબ વધારે આવશે તેથી પહેલું પદ નાની રકમ વાળુ મૂકવું. આવી રીતે વ્યસ્ત ત્રિરાશિના હિસાબનાં પદ મૂકવામાં સમજાવવું.

ગુણોત્તરનાં અગ્રસર અને ઉપાગ્રસર પદો શોધાવ્યા વિના ત્રિરાશિ શીખી શકાય છે, તેમજ ગુણોત્તર અને પ્રમાણુના હિસાબ આ ઉંમરે નિર્જીવ લાગે છે તેથી તેમને છોડી દીધા છે. ત્રિરાશિ પછી બધી રીતોનો દ્વાર ખુલ્લાં થાય છે એટલે અહીંથી આ ભાગ પૂરો કર્યો છે.

આ ગણિતમાંના જે દાખલા મોઢે થઇ શકે તે મોઢેજ કરાવવા. મોઢેથી ગણુવાનું કયાંથી પુરૂ થાય છે અને સ્લેટમાં ગણુવાનું કયાંથી શરૂ થાય છે એ ભાગ પાડવા જ મુશ્કેલ છે વળી મોઢે કેટલા કરાવવા તેનો આધાર વિદ્યાર્થી ઉપર છે. હોંશીયાર વિદ્યાર્થી મોઢે જેટલા ગણી શકશે તેટલા મંદ વિદ્યાર્થી પાસે મોઢેથી નહિજ કરાવી શકાય. એટલે વ્યકિત પરત્વે ફેર રહેવાનો જ. પણુ શિક્ષકે એટલું લક્ષમાં રાખવું કે બને તેટલા વધુ દાખલા મોઢે કરાવવા. અને જ્યારે તેણે સ્લેટમાં ગણુવા એમ લાગે ત્યારે જ સ્લેટમાં ગણુાવવા.

લઘુતમ સાધારણ ભાજ્ય અને દ્રઢભાજકના રકમોવાળા અઘરા દાખલા તેમજ આણુપાણુના ગુણાકારમાં પાણ વડે ગુણુવાના નમુના તરીકે આપેલ ત્રણ દાખલા હોંશીયાર વિદ્યાર્થી માટે છે. તેથી તે યોગ્ય વિદ્યાર્થીને શીખવાડવા.

વિદ્યાર્થીના પ્રયત્ન પ્રત્યે મીઠી નજરથી જોનાર, તેને જરૂર પડે ત્યાં યોગ્ય સહાય કરનાર જો શિક્ષક હશે તો તેના જ્ઞાનની ઉણપ પ્રેમથી પૂરાઇ જશે, અને પ્રથમ જેટલુ તે ઓછું જાણુતો હશે તેટલું પાછળથી પૂરૂં પાડી શકશે. પરંતુ શિક્ષક પ્રેમ વિના ગમે તેટલો જ્ઞાનવાન હશે તોપણુ તે સારો શિક્ષક નહિ થઇ શકે. અસ્તુ.

અવિભાજ્ય અવયવો કળી શકવાના નિયમો.

(૧) જે સંખ્યાનો છેલ્લો અંક એકી એટલે ૨, ૪, ૬, ૮ કે ૦ હોય તો તે સંખ્યા બે વડે નિ:શેષ ભાગી શકાશે.

(૨) જે સંખ્યાનો છેલ્લો અંક ૦ અથવા ૫ હોય તો તે સંખ્યા ૫ વડે નિ:શેષ ભાગી શકાશે.

(૩) જે સંખ્યાના સઘળા અંકોના સરવાળાને ત્રણ વડે નિ:શેષ ભાગી શકાતો હોય તો તે સંખ્યા ત્રણ વડે નિ:શેષ ભાગી શકાશે.

(૪) આપેલી સંખ્યાને જમણા હાથથી શરૂ કરી પહેલો, ત્રીજો, પાંચમો, સાતમો એમ એકી સ્થાનના અંકો લઇ સરવાળો કરવો. પછી બેકી સ્થળોના એટલે બીજા, ચોથા, છઠ્ઠા એ અંકોનો સરવાળો કરવો. બન્ને પૈકી જે સરવાળો મોટો હોય તેમાંથી નાનો બાદ કરવો. બાકી જો શુન્ય રહે અથવા બાકી વધેલ રકમને ૧૧ વડે નિ:શેષ ભાગી શકાય તો તે સંખ્યા ૧૧ વડે નિ:શેષ ભાગી શકાશે.

વિદ્યાર્થી ગણિત.

ભાગ ૧ લો.

પ્રકરણ ૧ લું.

(૧) નીચેની સંખ્યાઓમાં એકમ કેટલા ? અને દશક કેટલા ? તે કહો.

૧૯, ૩૭, ૨૮, ૬૫, ૪૭, ૫૪, ૩૬, ૫૦, ૮૩, ૯૨ ૬૦, ૮૮, ૩૦, ૯, ૭૬.

(૨) નીચેની સંખ્યામાં જાડા આંકડો કયા ઘરમાં છે. અને તેની કીંમત કહો ?

૮૫, ૭૩, ૬૫, ૫૭, ૫૦, ૩૫, ૯૬, ૯૦, ૮૪, ૩૫, ૯૮, ૭૬, ૪૭.

(૩) નીચેના આંકડાની કીંમત કહો ?

૭ દશક, ૩ એકમ, ૫ દશક, ૪ દશક, ૨ એકમ, ૯ દશક, ૭ એકમ, ૬ દશક, ૪ એકમ.

(૪) નીચેના બે આંકડા મળતાં કઇ સંખ્યા બનશે ?

૫ દશક ને ૪ એકમ, ૯ દશકને ૫ એકમ, ૬ દશક ને ૭ એકમ, ૩ દશક ને ૯ એકમ, ૮ દશક ને ૫ એકમ,

૪ દશક ને ૭ એકમ, ૩ દશક ને ૮ એકમ, ૫ દશક ને ૬ એકમ, ૮ એકમ ને ૩ દશક, ૨ એકમ ને ૬ દશક, ૯ એકમ ને ૪ દશક, ૩ એકમ ને ૯ દશક, ૫ એકમ ને ૪ દશક, ૭ એકમ ને ૫ દશક, ૪ એકમ ને ૪ દશક, ૩ એકમ ને ૩ દશક.

(૫) નીચેની સંખ્યામાં એકમ કેટલા? દશક કેટલા? સો કેટલા?

૪ ૯૩, ૫ ૮૪, ૨ ૭૦, ૯ ૦૩, ૮ ૫૬, ૬ ૭૫, ૩ ૭૦, ૫ ૦૭, ૩ ૭૬, ૫ ૬૪, ૭ ૩૨.

(૬) નીચેની સંખ્યાઓમાં જાડો આંકડો કયા ઘરમાં છે?

૫ ૬૭, ૫ ૮૩, ૭ ૯૫, ૨ ૦૩, ૭ ૨૫, ૯ ૦૮, ૭ ૮૫, ૨ ૮૭, ૬ ૭૪ ૯ ૬૭, ૧ ૭૪, ૭ ૬૩, ૩ ૬૭, ૭ ૩૪, ૨ ૦૫,, ૭ ૯૧, ૨ ૯૬, ૮ ૬૭.

(૭) નીચેના જાડા આંકડાની કીંમત કહો?

૩ ૮૫, ૨ ૪૩, ૯ ૫૬, ૩ ૭૫, ૭ ૬૫, ૨ ૭૦, ૯ ૮૬,, ૩ ૫૬, ૮ ૪૭, ૬ ૭૫, ૯ ૩૨, ૩ ૫૨, ૭ ૬૩, ૮ ૩૬, ૨ ૬૫.

(૮) નીચેના આંકડા મળી કઇ સંખ્યા બનશે?

(૫ સો, ૮ દશક ને ૪ એકમ) (૭ સો, ૪ દશક ને ૩ એકમ) (૯ સો, ૭ દશક ને ૪ એકમ) (૩ સો, ૯ દશક ને ૫ એકમ) (૨ સો, ૮ દશક ને ૭ એકમ)

(૪ સો, ૫ દશક ને ૪ એકમ) (૭ સો, ૯ એકમ ને ૯ દશક) (૨ સો ને ૪ એકમ) (૪ સો ને ૭ દશક)

(૯) નીચેની સંખ્યામાં એકમ, દશક, સો અને હજારમાં અનુક્રમે કયો આંકડો છે.

૯ ૪ ૫૬, ૨ ૭ ૮૩, ૪ ૯ ૬૫, ૨ ૭ ૩૦,
૭ ૦ ૯૬, ૨ ૦ ૦૭, ૯ ૦ ૮૩, ૭ ૫ ૦૭, ૮ ૭ ૯૯,
૩ ૯ ૯૩, ૬ ૨ ૪૯, ૧ ૬ ૮૭, ૨ ૧ ૫૬, ૩ ૧ ૮૫.

(૧૦) નીચેની સંખ્યામાં જાડો આંકડો કયા ઘરમાં છે?

૫ ૪ ૭૫, ૪ ૭ ૫૮, ૩ ૬ ૭૦, ૮ ૦ ૪૬,
૧ ૯ ૩૫, ૨ ૪ ૯૫, ૧ ૮ ૭૦, ૯ ૦ ૮૩, ૭ ૨ ૫૩,
૯ ૦ ૯૭, ૨ ૦ ૫૬, ૪ ૦ ૮૫, ૨ ૭ ૦૬,

(૧૧) નીચેની સંખ્યામાં જાડા આંકડાની કીંમત કહો?

૮ ૦ ૫૩, ૬ ૪ ૩૭, ૫ ૬ ૮૦, ૯ ૭ ૩૫,
૨ ૯ ૩૭, ૫ ૦ ૮૬, ૨ ૧ ૫૪, ૭ ૮ ૩૦, ૬ ૫ ૫૪,
૬ ૫ ૭૦, ૨ ૪ ૬૧, ૫ ૧ ૭૫, ૯ ૩ ૯૦, ૧ ૨ ૯૭,
૪ ૬ ૭૪, ૧ ૩ ૩૭, ૩ ૮ ૬૮, ૧ ૬ ૭૭.

(૧૨) નીચેના આંકડા મળી કઇ સંખ્યા બનશે?

(૭ હજાર, ૩ સો, ૮ દશક, ૪ એકમ) (૫ હજાર, ૪ સો, ૯ દશક, ૩ એકમ) (૩ હજાર, ૫ સો, ૭ દશક, ૬ એકમ) (૪ હજાર, ૯ સો, ૨ દશક, ૭ એકમ)

(૮ હજાર ૩ સો ૫ દશક ૩ એકમ) (૬ હજાર ૫ સો ૯ દશક ૪ એકમ) (૨ હજાર ૭ સો ૯ દશક ૨ એકમ) (૧ હજાર ૨ સો ૫ દશક ૯ એકમ) (૨ દશક ૫ સો ૪ એકમ ૯ હજાર) (૫ સો ૯ દશક ૭ હજાર ૨ એકમ) (૫ હજાર ૩ દશક ૯ સો) (૫ હજાર ૪ એકમ ૩ સો ૭ દશક) (૫ હજાર ૪ સો ૩ એકમ) (૩ હજાર ૮ દશક ૬ એકમ) (૫ હજાર ૩ સો ૪ દશક)

(૧૩) નીચેની સંખ્યામાં એકમ, દશક, સો, હજાર, દશહજારના ઘરમાં અનુક્રમે કયા આંકડા છે તે કહો ?

૩૫ ૨ ૭૦, ૨૭ ૮ ૯૫, ૬૪ ૬ ૩૫, ૪૯ ૯ ૩૦, ૭૮ ૦ ૬૩, ૮૯ ૬ ૦૫, ૩૯ ૫ ૪૭, ૬૫ ૪ ૯૮.

(૧૪) નીચેની સંખ્યામાં જાડો આંકડો કયા ઘરમાં છે તે કહો ;

૭૫ ૪ ૨**૩**, ૫૬ ૮ **૩**૭, ૨૮ **૩** ૭૫, ૪**૩** ૫ ૯૨,
૬૭ **૯** ૮૫, ૮**૪** ૬ ૩૫, ૬**૯** ૨ ૪૩, **૩**૫ ૪ ૯૨,
૫૭ **૩** ૦૯, ૭**૫** ૨ ૬૩, **૩**૮ ૬ ૩૦, ૪૮ ૫ **૪**૯.

(૧૫) નીચેની સંખ્યામાં જાડા આંકડાની કીંમત કહો ?

૬ **૯** ૫૫, **૭**૫ ૯ ૬૩, **૫**૮ ૨ ૫૬, ૩૪ **૮** ૪૩,
૫૨ ૧ ૬**૩**, ૩**૭** ૬ ૮૨, ૩**૯** ૯ ૦૭, **૩**૦ ૬ ૭૫,
૬૧ ૯ **૫**૩, ૩૫ **૮** ૨૩, ૪**૭** ૬ ૭૮, ૫૯ ૨ ૦**૬**,
૪૭ ૪ **૬**૫, **૩**૬ ૨ ૪૩, ૩**૮** ૪ ૫૭, **૪**૯ ૭ ૨૨,
૨૭ **૫** ૮૨, ૮**૩** ૧ ૩૭, ૪૦ ૧ **૯**૩, ૨૫ ૯ ૭**૬**,

(૧૬) નીચેના આંકડા મળી કઈ સંખ્યાઓ બનશે ?

(૫ દશહજાર ૩ હજાર ૭ સો ૯ દશક ૨ એકમ)
(૭ દશહજાર ૫ હજાર ૪ સો ૮ દશક ૩ એકમ)
(૯ દશહજાર ૪ હજાર ૩ સો ૫ દશક ૭ એકમ)
(૮ દશહજાર ૬ હજાર ૯ સો ૭ દશક ૫ એકમ)
(૩ દશહજાર ૭ હજાર ૮ સો ૬ દશક ૪ એકમ)
(૬ દશહજાર ૩ સો ૫ દશક ૭ એકમ)
(૪ દશહજાર ૮ હજાર ૫ દશક ૯ એકમ)
(૨ દશહજાર ૫ હજાર ૮ સો ૫ એકમ)
(૯ દશહજાર ૬ હજાર ૩ સો ૯ દશક)
(૮ સો ૫ હજાર ૯ દશહજાર ૭ દશક ૪ એકમ)
(૯ દશક ૫ હજાર ૪ દશહજાર ૫ સો ૩ એકમ)
(૪ હજાર ૮ દશક ૫ સો ૯ દશહજાર ૭ એકમ)

(૧૭) (૧) મારી પાસે દશહજાર મણકાવાળી ૭, હજાર મણકાવાળી ૫, સો મણકાવાળી ૪, દશ મણકાવાળી ૯ માળાઓ અને ૪ છૂટા મણકા છે તો તે બધામળી કેટલા મણકા થાય ?

(૨) એક તિજોરીમાં દશહજાર રૂપીઆવાળી ૯, હજારવાળી ૭, સોવાળી ૮, દશવાળી ૫ કોથળીઓ અને છૂટા ૮ રૂપીઆ છે તો તે બધા મળી છૂટા રૂપીઆ કેટલા થાય ?

(૩) એક ખેતરમાં દશહજાર પૂળાવાળી ૮, હજાર પૂળાવાળી ૯, સો પૂળાવાળી ૭, દશ પૂળાવાળી ૩ ઢગલીઓ ને ૫ પૂળા છૂટા છે તે બધા મળી પૂળા કેટલા થાય ?

(૪) દશહજાર ખાનાવાળી ૭, સો ખાનાવાળી ૯ દશ ખાનાવાળી ૪ અને એક ખાનાવાળી ૮ પેટીઓ છે તો તે બધી પેટીઓનાં ખાનાં કેટલાં થાય ?

(૫) એક ઇંટવાડામાં દશ હજાર ઇંટોવાળી ૬, હજાર ઇંટોવાળી ૯, અને સો ઇંટોવાળી ૮ ઢગલીઓ તથા ૯ છૂટી ઇંટો છે તો બધી મળી ઇંટો કેટલી ?

(૧૮) ૭૬ ૫ ૪૯ રૂપીઆની અનુક્રમે કોથળીઓ બાંધો.
૫૮ ૯ ૩૭ પૂળાની અનુક્રમે જથાવાર ઢગલીઓ કરો.
૩૭ ૫ ૮૬ ઇંટોની ઢગલીઓ કરો.
૮૭ ૩ ૯૨ રૂપીઆની કોથળીઓ બાંધો.
૯૬ ૭ ૫૩ પૂળાની ઢગલીઓ કરો.

(૧૯) (૧) નીચેની સંખ્યાઓમાં એકમના આંકડા નીચે લીટી દોરો
૩૬ ૭ ૯૩, ૫ ૯ ૪૦, ૨૯ ૪ ૭૫, ૩૯ ૮ ૩૬,
૩ ૫ ૯૨, ૯૮, ૪ ૯ ૦૬, ૨ ૦ ૭૬. ૫૯, ૬ ૭૨.

(૨) નીચેની સંખ્યામાં દશકના આંકડા નીચે લીટી દોરો.
૪૫ ૪ ૯૭, ૩૨ ૬ ૭૮, ૨૩ ૦ ૮૫, ૮ ૯ ૩૬,
૮૬, ૭૯, ૮ ૦૭, ૩ ૯ ૫૭, ૫ ૪ ૯૨, ૫ ૨૩.

(૩) નીચેની સંખ્યામાં શતકના આંકડા નીચે લીટી દોરો.
૪૭ ૬ ૭૫, ૩૨ ૪ ૯૬, ૭ ૮ ૦૭, ૩૫ ૦ ૭૮,
૨ ૫ ૦૬, ૯ ૭૫, ૭ ૯૩, ૯૩, ૨ ૭ ૧૫, ૩ ૯૭.

(૪) નીચેની સંખ્યામાં હજારના આંકડા નીચે લીટી દોરો.

૪૬ ૪ ૭૫, ૩૨ ૭ ૯૬, ૭૮ ૬ ૧૫, ૯૨ ૪ ૨૩,
૮ ૦ ૨૭, ૩૦ ૮ ૭૪, ૯ ૨ ૪૩, ૬ ૭૮.

(૫) નીચેની સંખ્યામાં દશહજારના આંકડા નીચે લીટી દોરો.

૭૫ ૪ ૩૬, ૩૭ ૩ ૯૧, ૫૬ ૮ ૭૬, ૯૫ ૦ ૮૩,
૫૨ ૮ ૩૩, ૪૭ ૯ ૧૩, ૯૮ ૦ ૩૨, ૩૬ ૫ ૦૮.

(૨૦) નીચેની સંખ્યાઓમાં જાડો આંકડો કયા ઘરમાં છે ?

૫૬ ૪ ૯૨, ૩૫ ૮ ૫૭, ૨૫ ૨ ૭૮, ૩૯ ૭ ૪૫.
૫૬ ૦ ૮૩, ૮૬ ૮ ૪૫, ૩૦ ૫ ૭૬, ૩ ૦ ૯૧.
૮ ૦ ૭૬, ૫ ૪ ૨૩, ૯ ૫૮, ૪ ૫ ૨૧, ૯૨.
૮ ૦૭, ૫૭, ૫૯, ૯૫, ૩૭, ૪૩.

(૨૧) નીચેની સંખ્યામાં જાડા આંકડાની કીંમત કહો !

૫૨ ૪ ૨૭, ૪૩ ૮ ૯૨, ૩૯ ૫ ૨૭, ૫૭ ૪ ૩૨
૮ ૦ ૯૫, ૩ ૫૮, ૪ ૯૩, ૯૮, ૩૫, ૨ ૪ ૦૬,
૭ ૮ ૫૩, ૯ ૩ ૦૮, ૪ ૮૭, ૫ ૯૩.

(૨૨) નીચેના આંકડા મળી કંઇ સંખ્યા બનશે ?

(૪ દશહજાર ૩ હજાર ૫ સો ૯ દશક ૭ એકમ)
(૫ દશહજાર ૯ સો ૮ દશક ૩ એકમ) (૭ હજાર
૯ સો ૪ દશક ૭ એકમ) (૯ સો ૭ એકમ)
(૫ હજાર ૪ એકમ) (૪ હજાર ૩ દશક)

(૫ દશક ૪ એકમ) (૯ દશહજાર ૪ દશક ૫ એકમ) (૨ હજાર ૩ એકમ)

(૨૩) નીચેની સંખ્યાઓને ઉતરતા ક્રમમાં ગોઠવો.

(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૩	૮	૬	૨૫	૫૮
૭	૭	૯	૩૭	૬૨
૬	૩	૪	૨૪	૭૪
૯	૫	૭	૩૯	૯૬
૪	૯	૩	૩૩	૩૫
૫	૨	૨	૩૦	૭૨
૨	૬	૮	૧૭	૩૭

(૬)	(૭)	(૮)	(૯)	(૧૦)
૬૫	૫૭	૪ ૯૭	૨ ૭૮	૩ ૭૫
૭૮	૬૩	૯ ૬૩	૬ ૫૪	૯ ૦૭
૬૭	૯૭	૮ ૦૭	૯ ૭૨	૭ ૧૫
૮૮	૩૨	૪ ૯૮	૮ ૩૩	૮ ૨૭
૬૪	૯૮	૯ ૭૪	૫ ૯૦	૪ ૫૩
૭૯	૫૯	૬ ૨૩	૩ ૭૮	૯ ૧૭
૬૬	૬૫	૫ ૯૭	૨ ૭૯	૪ ૨૦

(૧૧)	(૧૨)	(૧૩)	(૧૪)
૨ ૬૩	૨ ૮૨	૮ ૬ ૨૩	૨ ૬ ૧૮
૭ ૩૫	૪ ૯૩	૫ ૦ ૨૦	૪ ૫ ૨૩

(૯)

૬ ૪૯	૮ ૨૭	૪ ૦ ૨૭	૨ ૩ ૯૮
૯ ૩૧	૬ ૦૬	૫ ૨ ૩૦	૩ ૪ ૨૧
૭ ૩૭	૩ ૦૯	૯ ૧ ૨૭	૭ ૦ ૮૫
૬ ૫૩	૧ ૭૧	૫ ૦ ૩૩	૩ ૧ ૮૫
૯ ૦૩	૫ ૦૩	૫ ૧ ૩૦	૫ ૨ ૯૦

(૧૫)	(૧૬)	(૧૭)
૫ ૦ ૭૫	૧૮ ૪ ૩૦	૩૧ ૬ ૭૨
૩ ૬ ૪૩	૨૭ ૬ ૪૯	૫૬ ૨ ૩૦
૮ ૭ ૩૦	૩૩ ૨ ૯૬	૩૫ ૯ ૭૧
૨ ૬ ૪૫	૧૩ ૧ ૪૯	૮૭ ૪ ૫૬
૩ ૬ ૪૫	૨૭ ૫ ૫૦	૫૯ ૨ ૭૩
૫ ૧ ૭૬	૩૩ ૩ ૯૬	૩૩ ૧ ૯૭
૮ ૬ ૩૦	૧૮ ૪ ૦૩	૧૨ ૦ ૮૩

(૧૮)	(૧૯)	(૨૦)
૩૨ ૬ ૭૮	૭૮ ૪ ૩૦	૩૨ ૪ ૯૨
૩૯ ૪ ૨૩	૯૨ ૬ ૧૭૮	૭ ૬ ૭૮
૬૮ ૭ ૩૦	૮૫ ૮ ૯૨	૪૦ ૯ ૭૧
૫૨ ૦ ૮૩	૩૭ ૬ ૭૫	૮ ૦૭
૩૧ ૬ ૯૨	૪૯ ૮ ૩૨	૨૫ ૩ ૨૭
૪૮ ૩ ૮૭	૨૫ ૯ ૭૬	૯ ૬ ૩૫
૩૨ ૨ ૭૫	૫૩ ૬ ૮૫	૫૮ ૪ ૩૦

(૨૧)	(૨૨)
૬૭ ૦ ૯૬	૩૨ ૬ ૭૮
૯ ૩ ૮૨	૪૬ ૭ ૯૩
૩૫ ૬ ૭૩	૫ ૮ ૩૬
૮૦ ૩ ૪૬	૭૫ ૨ ૦૫
૭ ૯૩	૬ ૯૫
૨૫ ૦ ૯૨	૫૮ ૪ ૩૦
૯ ૮૭	૨૧ ૭ ૩૧

(૨૪) નીચેની સંખ્યાઓને ચડતા ક્રમમાં ગોઠવો.

(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)
૫૭	૬૯	૮૫	૯૭	૬૬	૩ ૪૮
૩૫	૨૩	૬૭	૩૨	૭૫	૨ ૯૨
૮૯	૮૭	૨૩	૯૨	૬૮	૭ ૯૫
૨૩	૯૩	૩૭	૩૫	૮૯	૫ ૪૩
૫૨	૩૫	૯૯	૭૮	૩૩	૪ ૬૭
૩૩	૭૨	૭૬	૯૯	૫૭	૯ ૭૧
૪૬	૫૮	૧૪	૧૩	૨૩	૬ ૩૪

(૭)	(૮)	(૯)	(૧૦)	(૧૧)
૭ ૨૮	૭ ૫૬	૩ ૯૧	૭ ૩ ૫૬	૩ ૯ ૭૧
૯ ૨૩	૮ ૪૨	૭૫	૨ ૪ ૭૮	૯ ૪ ૫૦
૫ ૪૯	૫ ૨૧	૫ ૮૪	૬ ૨ ૮૫	૨ ૬ ૭૧

(૧૧)

૨ ૧૫	૪ ૦૩	૨ ૦૭	૪ ૩ ૫૩	૫ ૪ ૯૩
૩ ૯૯	૧ ૦૮	૪૩	૫ ૬ ૩૨	૮ ૩ ૨૨
૧ ૦૪	૨ ૧૪	૪ ૩૬	૮ ૬ ૨૫	૯ ૧ ૭૫
૩ ૦૯	૬ ૫૨	૯ ૫૬	૩ ૭ ૧૪	૪ ૦ ૨૩

(૧૨)	(૧૩)	(૧૪)	(૧૫)
૭ ૫ ૮૨	૨ ૧ ૮૩	૪૮ ૩ ૫૧	૨૮ ૩ ૯૧
૪ ૩ ૦૭	૯ ૪ ૧૩	૬૭ ૫ ૧૩	૩૭ ૬ ૧૪
૨ ૬ ૦૫	૭ ૦૮	૫૨ ૮ ૩૭	૬૯ ૨ ૮૧
૩ ૫ ૬૩	૩ ૦ ૦૭	૩૯ ૨ ૮૫	૨૩ ૬ ૪૪
૨ ૧ ૦૮	૨ ૦ ૧૫	૬૫ ૯ ૦૭	૧૧ ૮ ૯૩
૪ ૨ ૮૫	૯ ૧૧	૩૩ ૨ ૧૫	૪૩ ૨ ૭૬
૭ ૬ ૯૦	૩ ૫ ૭૦	૨૫ ૭ ૫૧	૨૮ ૦ ૬૩

(૧૬)	(૧૭)	(૧૮)	(૧૯)
૬૨ ૦ ૯૨	૮ ૩ ૩૫	૧૭ ૦ ૨૩	૭૩ ૮ ૫૭
૭૫ ૯ ૦૭	૩૭ ૨ ૮૫	૩૫ ૨ ૧૫	૩૨ ૬ ૧૩
૩૪ ૬ ૮૧	૪ ૦ ૫૬	૯ ૪ ૭૭	૭ ૮ ૫૨
૮૮ ૩ ૦૯	૨૧ ૭ ૨૩	૨૧ ૦ ૫૬	૩૦ ૫ ૭૨
૫૬ ૮ ૩૫	૯ ૦૨	૯ ૫૪	૬ ૯ ૩૦
૧૮ ૦ ૪૪	૨૯ ૪ ૯૭	૩૫ ૨ ૩૧	૩૫ ૮ ૭૩
૩૫ ૨ ૮૩	૩૨ ૦ ૯૨	૯૨	૯ ૬૭
૧૭ ૪ ૬૨	૧૭ ૬ ૩૮	૨૮ ૪ ૬૫	૨ ૪ ૧૩

(૨૦)	(૨૧)	(૨૨)	(૨૩)
૩૫ ૨ ૮૦	૪૫ ૪ ૦૯	૧૫ ૨ ૮૦	૨૯ ૪ ૯૨
૯ ૭ ૫૬	૬૩ ૬ ૮૦	૩૨ ૬ ૦૮	૧૭ ૪ ૯૫
૫ ૮ ૭૪	૯૨ ૦ ૬૫	૯૨ ૦ ૬૫	૨૩ ૬ ૯૦
૩૭ ૧ ૮૭	૭ ૦ ૩૩	૮ ૬ ૨૩	૨૯ ૪ ૦૭
૮ ૬ ૫૬	૨૭ ૯ ૦૬	૨ ૯૧	૭ ૪ ૯૬
૯ ૮૫	૩૫ ૦ ૯૫	૧૯ ૬ ૮૭	૩૫ ૮ ૦૬
૫૪ ૦ ૯૩	૫૬	૨૮ ૪ ૮૨	૧૨ ૪ ૩૨

(૨૫) ૭ દશકાના છૂટા કેટલા ?			૧ ૦૦ દશકાના છૂટા ?		
૫	,,	,,	૧ ૦૭	,,	,,
૯	,,	,,	૧ ૩૭	,,	,,
૮	,,	,,	૨ ૬૫	,,	,,
૧૦	,,	,,	૩ ૭૬	,,	,,
૨૫	,,	,,	૪ ૫૭	,,	,,
૨૯	,,	,,	૪ ૯૩	,,	,,
૩૭	,,	,,	૫ ૪૬	,,	,,
૪૬	,,	,,	૫ ૮૧	,,	,,
૫૪	,,	,,	૬ ૩૦	,,	,,
૬૮	,,	,,	૬ ૯૭	,,	,,
૭૩	,,	,,	૭ ૩૮	,,	,,
૮૨	,,	,,	૭ ૬૦	,,	,,
૯૮	,,	,,	૮ ૯૪	,,	,,

૭૫ ,, ,,
૫૬ ,, ,,
૨૩ ,, ,,
૮૦ ,, ,,
૯૨ ,, ,,
૭૮ ,, ,,
૬૭ ,, ,,
૮૦ ,, ,,

૧ ૦ ૦૦ દશકાના છૂટા !
૧ ૦ ૮૫ ,, ,,
૧ ૪ ૯૦ ,, ,,
૨ ૬ ૭૮ ,, ,,
૨ ૮ ૫૦ ,, ,,
૩ ૫ ૯૨ ,, ,,
૩ ૯ ૪૦ ,, ,,
૪ ૦ ૮૯ ,, ,,
૪ ૧ ૯૮ ,, ,,
૫ ૨ ૩૦ ,, ,,
૫ ૮ ૦૭ ,, ,,
૬ ૦ ૭૫ ,, ,,
૬ ૭ ૬૦ ,, ,,
૬ ૯ ૦૫ ,, ,,
૭ ૫ ૮૩ ,, ,,

૮ ૭૦ ,, ,,
૯ ૮૦ ,, ,,
૯ ૯૬ ,, ,,
૪ ૦૭ ,, ,,
૫ ૦૯ ,, ,,
૭ ૯૦ ,, ,,
૫૦ ,, ,,
૬૦ ,, ,,

૫ સૈકાના છૂટા ?
૮ ,, ,,
૪ ,, ,,
૯ ,, ,,
૭ ,, ,,
૬ ,, ,,
૩૫ ,, ,,
૪૦ ,, ,,
૪૭ ,, ,,
૬૦ ,, ,,
૬૩ ,, ,,
૭૦ ,, ,,
૮૫ ,, ,,
૯૬ ,, ,,
૯૦ ,, ,,

૭ ૬ ૨૦ ,, ,,		૯૩ ,, ,,	
૭ ૪ ૮૭ ,, ,,		૯૮ ,, ,,	
૮ ૬ ૮૫ ,, ,,		૬૮ ,, ,,	
૯ ૪ ૮૦ ,, ,,		૭૪ ,, ,,	
૯ ૯ ૯૯ ,, ,,		૯૯ ,, ,,	
૧ ૦૦	સૈકાંના છૂટા ?	૫	દશકના છૂટા ?
૧ ૦૯	,, ,,	૩૫	,, ,,
૨ ૮૩	,, ,,	૮	,, ,,
૩ ૯૦	,, ,,	૨૭	,, ,,
૪ ૦૮	,, ,,	૪૦	,, ,,
૪ ૭૮	,, ,,	૮ ૪૭	,, ,,
૫ ૦૬	,, ,,	૩ ૨૩	,, ,,
૫ ૪૦	,, ,,	૨ ૫ ૦૭	,, ,,
૫ ૮૫	,, ,,	૩ ૯૦	,, ,,
૬ ૧૩	,, ,,	૪ ૦ ૮૦	,, ,,
૬ ૦૫	,, ,,	૩૫	સૈકાંના છૂટા ?
૬ ૮૪	,, ,,	૪૭	,, ,,
૭ ૦૫	,, ,,	૩ ૦૫	,, ,,
૭ ૬૦	,, ,,	૮૦	,, ,,
૭ ૮૬	,, ,,	૯ ૪૦	,, ,,
૮ ૮૩	,, ,,	૫ ૦૮	,, ,,
૯ ૦૩	,, ,,	૩ ૨૯	,, ,,
૯ ૭૦	,, ,,	૮૬	,, ,,

૯ ૯૯	„	„	૯ ૪૦	„	„

(૨૬) ૮૦ માં દશકા કેટલા ? ૩ ૦૦ માં સૈકાં કેટલાં ?

૧૭૦	„	„	૭ ૦૦	„	„
૯૦	„	„	૯ ૦૦	„	„
૩૦	„	„	૧ ૦ ૦૦	„	„
૧ ૦૦	„	„	૧ ૨ ૦૦	„	„
૧ ૭૦	„	„	૧ ૯ ૦૦	„	„
૧ ૯૦	„	„	૨ ૦ ૦૦	„	„
૨ ૪૦	„	„	૫ ૮ ૦૦	„	„
૫ ૬૦	„	„	૭ ૯ ૦૦	„	„
૭ ૯૦	„	„	૩ ૮ ૦૦	„	„
૩ ૪ ૫૦	„	„	૩૫ ૬ ૦૦	„	„
૫ ૬ ૮૦	„	„	૫૦ ૦ ૦૦	„	„
૭ ૦ ૦૦	„	„	૬૮ ૯ ૦૦	„	„
૯ ૪ ૫૦	„	„	૭૫ ૦ ૦૦	„	„
૮ ૪ ૦૦	„	„	૮૨ ૮ ૦૦	„	„
૩૨ ૬ ૭૦	„	„	૯૪ ૫ ૦૦	„	„
૪૦ ૦ ૦૦	„	„	૯૯ ૯ ૦૦	„	„

(૨૭)

૨	૫	૩	૪	૩	૨
+ ૩	+ ૨	+ ૨	+ ૨	+ ૨	+ ૨
+ ૪	+ ૨	+ ૩	+ ૨	+ ૨	+ ૧

૧	૧	૩	૩	૪
+ ૩	+ ૨	+ ૪	+ ૩	+ ૨
+ ૨	+ ૪	+ ૧	+ ૩	+ ૧

૨૫	૪૦	૨૩	૨૫	૪૧	૩૨
+ ૩૦	+ ૨૩	+ ૧૨	+ ૨૨	+ ૧૪	+ ૧૩
+ ૨૩	+ ૧૫	+ ૩૪	+ ૨૦	+ ૩૦	+ ૨૦
+ ૧૧	+ ૨૧	+ ૩૦	+ ૦૨	+ ૦૪	+ ૦૩

+ ૧૬	+ ૧૨	+ ૨૧	૨ ૦૩	૧ ૨૩
+ ૩૦	+ ૩૪	+ ૧૫	+ ૧ ૩૪	+ ૨ ૩૦
+ ૨૧	+ ૨૦	+ ૩૩	+ ૩ ૨૦	+ ૧ ૨૪
+ ૩૨	+ ૧૩	+ ૨૦	+ ૩૧	+ ૩ ૦૨
+ ૩૧	+ ૧૦	+ ૧૦	+ ૧ ૦૦	+ ૦ ૨૦

૩ ૦૧	૧ ૦૪	૨ ૦૫	૫ ૦૨	૪ ૦૩
+ ૧ ૪૦	+ ૨ ૩૨	+ ૧ ૩૨	+ ૧ ૩૪	+ ૨ ૧૨
+ ૨ ૨૩	+ ૪ ૦૨	+ ૪૦	+ ૪૦	+ ૫૦
+ ૨ ૦૦	+ ૧ ૩૦	+ ૩ ૦૦	+ ૨ ૦૧	+ ૧ ૩૪

૬ ૩૦	૩ ૦૫	૧ ૨૬	૨ ૪૩	૨ ૦ ૩
+ ૧ ૨૫	+ ૨૦	+ ૩ ૦૨	+ ૧ ૦૩	+ ૧ ૪૦
+ ૪૩	+ ૪ ૦૩	+ ૪ ૦૦	+ ૪ ૩૨	+ ૩ ૩૦
+ ૨ ૦૦	+ ૧ ૫૦	+ ૭૦	+ ૧ ૧૧	+ ૨ ૨૫

૨ ૧ ૦૫	૧ ૪ ૨૩	૫ ૧ ૩૨	૪ ૫ ૦૦
+ ૧ ૪ ૨૧	+ ૨ ૦ ૪૫	+ ૧ ૪ ૨૩	+ ૨ ૦ ૨૫
+ ૩ ૦ ૪૦	+ ૩ ૦૦	+ ૦ ૨ ૪૦	+ ૧ ૩ ૪૦
+ ૨ ૩ ૦૦	+ ૩ ૨ ૩૧	+ ૨ ૦ ૦૦	+ ૧ ૧ ૩૪

૪ ૨ ૫૦	૨ ૧ ૫૩	૩ ૫ ૦૨	૧ ૩ ૫૦
+ ૨ ૩ ૦૩	+ ૩ ૫ ૦૪	+ ૧ ૨ ૩૦	+ ૩ ૨ ૧૦
+ ૧ ૨ ૦૪	+ ૨ ૦ ૦૨	+ ૨ ૧ ૪૦	+ ૨ ૧ ૦૦
+ ૨ ૧ ૩૦	+ ૦ ૩ ૨૦	+ ૧ ૦ ૦૦	+ ૩ ૦ ૦૦
+ ૦ ૧ ૧૨	+ ૨ ૦ ૧૦	+ ૧ ૨૭	+ ૦ ૨ ૦૦

૬ ૦ ૫૩	૫ ૧ ૩૪	૩૧ ૪ ૦૫
+ ૨ ૦ ૨૧	+ ૨ ૩ ૦૨	+ ૨૫ ૦ ૩૦
+ ૧ ૦ ૦૨	+ ૧ ૪ ૨૦	+ ૨૩ ૩ ૫૧
+ ૦ ૦ ૨૩	+ ૨ ૪૩	+ ૧૦ ૨ ૦૨

૨૫ ૬ ૦૫	૪૦ ૫ ૨૬	૧૫ ૦ ૧૬
+ ૧૩ ૨ ૧૦	+ ૧૩ ૧ ૪૦	+ ૨૧ ૪ ૩૦
+ ૪૦ ૦ ૫૨	+ ૨૦ ૦ ૩૧	+ ૩૧ ૨ ૩૧
+ ૧૧ ૦ ૨૧	+ ૧૫ ૦ ૦૧	+ ૨૦ ૦ ૨૧

૫૧ ૩ ૪૦	૪૨ ૧ ૦૩	૩૨ ૬ ૦૫
+ ૦૩ ૨ ૦૫	+ ૫ ૩ ૪૦	+ ૨૩ ૦ ૩૦

+ ૨૦ ૩ ૨૧	+ ૨૧ ૩ ૨૧	+ ૧૨ ૧ ૪૦
+ ૧૫ ૦ ૧૨	+ ૩૦ ૧ ૧૫	+ ૨૦ ૦ ૨૩

૪૫ ૨ ૦૩	૨૪ ૫ ૦૨	૧૭ ૦ ૩૨
+ ૧૨ ૫ ૪૦	+ ૧૩ ૦ ૩૦	+ ૩૦ ૩ ૨૪
+ ૨૦ ૧ ૩૨	+ ૪૦ ૨ ૨૩	+ ૪૧ ૦ ૧૨
+ ૧ ૦ ૨૪	+ ૦૨ ૧ ૪૩	+ ૧૦ ૫ ૦૦

૩૫ ૮ ૦૩	૨૭ ૫ ૩૦
+ ૨૧ ૦ ૪૩	+ ૩૦ ૨ ૨૭
+ ૩૦ ૦ ૨૧	+ ૪૧ ૦ ૧૨
+ ૦૦ ૧ ૩૨	+ ૦૦ ૨ ૨૦

(૨૮)

૫	૪	૭	૮	૯	૮
+ ૨	+ ૫	+ ૩	+ ૪	+ ૫	+ ૬
+ ૩	+ ૩	+ ૪	+ ૩	+ ૪	+ ૫

૭	૭	૮	૯	૪	૩
+ ૫	+ ૬	+ ૮	+ ૬	+ ૫	+ ૬
+ ૪	+ ૪	+ ૫	+ ૪	+ ૮	+ ૯

૫	૨૫	૧૬	૨૭	૩૪	૪૬
+ ૭	+ ૧૭	+ ૨૩	+ ૦૫	+ ૨૭	+ ૨૩
+ ૮	+ ૨૩	+ ૧૪	+ ૧૪	+ ૧૫	+ ૧૪
+ ૬	+ ૦૪	+ ૦૫	+ ૩૨	+ ૦૩	+ ૦૫

૩૭	૨૮	૨૯	૨૬	૩૩	૫૪
+ ૨૫	+ ૧૫	+ ૩૨	+ ૧૫	+ ૨૭	+ ૨૭
+ ૧૪	+ ૩૦	+ ૩૫	+ ૪૦	+ ૧૫	+ ૪૩
+ ૨૩	+ ૦૬	+ ૦૭	+ ૦૭	+ ૨૦	+ ૩૦

૮૫	૭૬	૬૫	૯૨	૬૩	૯૩
+ ૨૩	+ ૫૩	+ ૮૪	+ ૬૭	+ ૮૨	+ ૨૭
+ ૪૦	+ ૪૪	+ ૨૬	+ ૫૬	+ ૧૫	+ ૦૮
+ ૧૭	+ ૨૫	+ ૪૦	+ ૪૩	+ ૩૪	+ ૧૪
+ ૮૦	+ ૩૮	+ ૨૩	+ ૧૦	+ ૦૩	+ ૨૧

૮૭	૩૦	૫૬	૧ ૦૬	૨ ૭૮
+ ૩૨	+ ૭૫	+ ૮૨	+ ૫૭	+ ૧ ૬૩
+ ૪૦	+ ૨૭	+ ૩૫	+ ૩ ૪૮	+ ૦ ૪૫
+ ૦૯	+ ૧૬	+ ૧૬	+ ૨ ૨૩	+ ૩ ૦૨

૩ ૮૬	૫ ૦૬	૨ ૧૭	૪ ૫૩	૬ ૩૫
+ ૨ ૦૬	+ ૨ ૪૩	+ ૮ ૮૩	+ ૨ ૩૬	+ ૦ ૮૪

+ ૧ ૪૨	+ ૧ ૬૮	+ ૧ ૬૫	+ ૧ ૪૭	+ ૧ ૫૬
+ ૦ ૫૪	+ ૦ ૩૨	+ ૦ ૪૩	+ ૦ ૬૨	+ ૧ ૨૩

૫ ૯૨	૪ ૫૮	૨ ૩૭	૫ ૮૭	૪ ૯૦
+ ૨ ૦૭	+ ૨ ૪૩	+ ૧ ૫૨	+ ૨ ૧૩	+ ૨ ૩૦
+ ૧ ૫૩	+ ૧ ૬૨	+ ૦ ૪૦	+ ૦ ૬૪	+ ૦ ૬૫
+ ૦ ૨૪	+ ૦ ૩૫	+ ૮૫	+ ૦ ૨૫	+ ૧ ૦૭
+ ૧ ૪૩	+ ૨ ૭૩	+ ૧ ૦૯	+ ૧ ૦૦	+ ૦ ૩૨

૮ ૨૭	૪ ૫૩	૫ ૭૬	૬ ૦૭	૭ ૫૩
+ ૦ ૦૫	+ ૫ ૮૨	+ ૩ ૦૯	+ ૨ ૪૩	+ ૨ ૭૦
+ ૦ ૪૦	+ ૩ ૦૫	+ ૦ ૫૭	+ ૩ ૫૨	+ ૧ ૩૫
+ ૦ ૬૩	+ ૧ ૩૭	+ ૨ ૦૫	+ ૧ ૬૦	+ ૦ ૪૦
+ ૧ ૪૩	+ ૨ ૧૯	+ ૦ ૩૨	+ ૦ ૩૪	+ ૫ ૨૬

૮ ૬૪	૯ ૬૫	૧ ૩ ૫૬	૨ ૩ ૭૫
+ ૨ ૦૬	+ ૪ ૨૦	+ ૨ ૬ ૦૩	+ ૨ ૪ ૩૦
+ ૩ ૫૧	+ ૫ ૪૩	+ ૦ ૫ ૭૨	+ ૩ ૦ ૬૩
+ ૨ ૪૦	+ ૧ ૭૦	+ ૨ ૦ ૩૪	+ ૦ ૫ ૪૬
+ ૦ ૩૩	+ ૦ ૩૬	+ ૦ ૨ ૦૮	+ ૦ ૦ ૫૦

૩૫૮૭	૧૭૦૩	૬૦૩૫	૩૦૮૫
+ ૨૧૩૪	+ ૫૪૭૨	+ ૨૩૦૭	+ ૦૯૬૩
+ ૦૬૨૩	+ ૦૬૫૪	+ ૦૦૪૬	+ ૨૪૦૬
+ ૧૦૫૨	+ ૧૨૩૨	+ ૧૦૩૫	+ ૧૦૫૦
+ ૦૩૨૦	+ ૦૩૪૦	+ ૦૧૮૨	+ ૨૧૩૪

૮૯૭૮	૦૩૮૪	૦૦૮૫	૧૩૫૯
+ ૨૦૪૩	+ ૨૬૧૩	+ ૧૪૯૦	+ ૨૬૪૩
+ ૧૬૩૨	+ ૩૨૦૭	+ ૨૦૫૬	+ ૦૭૮૪
+ ૦૩૦૫	+ ૦૦૬૫	+ ૧૫૦૪	+ ૩૦૭૫
+ ૨૦૪૧	+ ૧૪૩૨	+ ૩૦૦૩	+ ૦૫૬૨

૧૩૫૯	૫૯૪૩	૭૦૬૫	૮૫૭૩
+ ૨૬૪૩	+ ૬૨૦૫	+ ૩૮૦૪	+ ૪૬૨૬
+ ૦૭૮૪	+ ૩૪૬૦	+ ૨૦૫૨	+ ૨૪૩૦
+ ૩૦૭૫	+ ૨૫૭૬	+ ૦૯૩૬	+ ૩૦૬૫
+ ૦૫૬૨	+ ૪૬૯૨	+ ૧૬૦૩	+ ૦૩૪૦

૪૯૮૪	૩૯૮૭
+ ૦૭૬૩	+ ૫૬૪૩
+ ૫૨૭૦	+ ૨૩૩૪

+ ૯ ૧ ૦૫ + ૧ ૮ ૨૫
+ ૨ ૦ ૩૨ + ૪ ૦ ૧૨

(૨૯)

૮૪ બોર.	૨ ૪૩ ભમરડા.	૪ ૧૩ ગાય
૧ ૦૫ જામફળ	૫ ૦૨ લખોટી	૧ ૬ ૦૭ બકરાં
૨ ૭૦ દાડમ	૭૨ દડા	૫ ૮૪ ઘેટાં
૬૩ નારંગી	૧૩ ૫ ૫૭ ચકરડીઓ	૫૬ ઉંટ
ફળ.	રમકડાં.	જનાવર

૫ ૮ ૦૩ આદમી	૫ ૯૪ નાળીએર.	૫ ૮૦ બળદ
૪ ૬ ૫૬ બૈરાં.	૭ ૬ ૫૪ સોપારી	૯ ૫૪ ભેંસો
૩ ૮ ૦૩ છોકરાં	૯ ૦ ૭૫ ખારેકો	૨ ૦ ૦૭ ગાયો
માણસ	૩ ૯૭ અંજીર	૯૫ ઘોડા.
	સુકાફળ	ઢોર.

૨ ૦૭ લીમડા	૨ ૫ ૮૪ જામફળી	૮૯ હાથી
૮ ૧૫ બાવળ	૩ ૯ ૭૦ દાડમડી	૩ ૫ ૫૬ ઘોડા
૫ ૪૦ મહુડા	૫ ૬ ૩૦ લીંબોઇ	૦ ૭ ૮૩ ઉંટ
૭ ૮૦ આંબા	૭૫ નાળીએરી	૨ ૪ ૭૫ ગાયો.
ઝાડ	ઝાડ	જનાવર

૨ ૩ ૮૦ કાગડા	૨ ૯૦ શિયાળ.	૩ ૫ ૭૪ ખુરશી.
૪ ૩ ૯૩ ચકલીઓ	૪ ૭૫ હરણ	૧ ૦ ૬૩ ટેબલ
૦ ૨ ૭૦ મોર	૨ ૬૪ ભુંડ	૩ ૯૨ કબાટ

૦ ૦ ૮૪ પોપટ	૭૯ વરૂ	૫ ૬ ૩૪ પાટલા
પક્ષી.	જાનવાર	વસ્તુઓ

૭ ૨ ૯૪ પાટીદાર	૨ ૪ ૮૦ મણ બાજરી
૩ ૫ ૮૦ વાણીઆ	૩ ૬ ૬૫ મણ ચોખા
૨ ૦ ૩૫ ધારાળા.	૧ ૦ ૭૪ મણ ઘઉં
૭ ૪૭ બ્રાહ્મણ	૭ ૮૬ મણ દાળ.
માણસ	મણ અનાજ

૨ ૯૬ નારંગી	૨ ૪ ૮૩ મણ ગવાર
૩ ૦૭ સફરજન	૧ ૩ ૭૫ મણ કોદરા
૫ ૩૨ કેરી	૩ ૭ ૦૦ મણ બાવટો
૧ ૬૪ કેળાં.	૫ ૮૦ મણ ચણા
ફળ.	મણ દાણા

૩ ૫ ૮૬ રૂપીઆ પહેલી કોથળીમાં
૪ ૯ ૩૦ ,, બીજી કોથળીમાં
૨ ૬ ૭૪ ,, ત્રીજી કોથળીમાં
